

રાગથી જુદો છું...રાગથી જુદો છું...સ્વભાવથી એકમેક છું... સ્વભાવથી એકમેક છું...એવા સંસ્કાર તો પાડ! એવા દૃઢ સંસ્કાર વડે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ (દૃષ્ટિનાં નિધાન)


કહાન સંવત–૮ □ (૫૩૮) ❋ આત્મધર્મ ❋ (અંક–૨ વર્ષ–૪૫) □ વીર સં. ૨૫૧૪ ઓગસ્ટ, ૧૯૮૮

સોનેરી અવસર

# અમૃત–જન્મોત્સવ

પધારજો સોનગઢ

**સુવર્ણપુરીમાં ભવ્યતાથી ઉજવાનાર, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૭૫માં વર્ષનો, અમૃત–જન્મોત્સવ.**

અત્યંત આનંદોલ્લાસ પૂર્વક જણાવવાનું કે—અધ્યાત્મ-યુગસ્રષ્ટા, સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ, પરમાગમરહસ્યોદ્‌ઘાટક, સ્વાનુભૂતિ-પથપ્રકાશક, કરુણાસાગર, પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પ્રશમરસનિમગ્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૫ મી મંગલ જન્મજયંતી (શ્રાવણ વદ–બીજ)ના ઉપલક્ષમાં તા. ૨૨–૮–૮૮ સોમવારથી તા. ૨૯–૮–૮૮ (શ્રાવણ વદ બીજ) સુધી આઠ દિવસનો અતિ ભવ્ય ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પવિત્ર સમારોહ 'શ્રી જિન સહસ્રનામવિધાન મહાપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવમસ્તીભર્યા આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસપૂર્ણ વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ફિલ્મ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ તથા ઘાટકોપર તેમ જ વઢવાણની ભજનમંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, તા. ૧૦–૮–૮૮ બુધવારથી તા. ૨૯–૮–૮૮ સોમવાર સુધી ચાલનારો વીસ દિવસીય પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ, પૂજ્ય બહેનશ્રીના સાધનામય જીવનના વિષયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

સમાગત મહેમાનો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. સર્વે સાધર્મીઓને આ મહાન અવસરનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

**સૂચના:—** 'શ્રી જિનસહસ્રનામમંડલપૂજા'નો પ્રારંભ તા. ૨૦–૮–૮૮ શનિવારથી થશે.

—નિવેદક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

તેમ જ

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સોનગઢ**

કહાન
સંવત-૮
વર્ષ-૪૫
અંક-૨
[ ૫૩૮ ]

વીર
સંવત
૨૫૧૪
સં. ૨૦૪૪
AUG
A. D. 1988




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# હે જીવ! સિદ્ધ સમાન નિજ આત્માને જાણ

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૧૪ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૧૮ મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

સંસાર અવસ્થામાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી બધા જીવો શક્તિરૂપે પરમાત્મા છે. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ આદિ અનંત ગુણનો પિંડ છે. તેની વર્તમાન એક સમયની પર્યાયમાં સંસાર છે, તેને ન જુઓ તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી બધા જીવો શક્તિરૂપે પરમાત્મા છે.

જીવની વર્તમાન એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષરૂપ વિકૃતિ દેખાય છે એ તો પર્યાયનયનો વિષય છે અને વસ્તુ જે શુદ્ધ ચિદ્ઘન આનંદમૂર્તિ છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે, વસ્તુદૃષ્ટિનો વિષય છે. તેની અપેક્ષાએ બધા જીવો પરમાત્મા છે. વસ્તુદૃષ્ટિએ અનંત આત્માઓ પરમાત્મસ્વરૂપે છે પણ વ્યક્તિરૂપે એટલે પર્યાયરૂપે પરમાત્મા નથી.

આવું જ કથન અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે 'शिवमित्यादि' અર્થાત્ જેણે પરમ-કલ્યાણરૂપ, નિર્વાણરૂપ, મહાશાંત, અવિનશ્વર એવું મુક્તિપદ પ્રાપ્ત કરી લીધું છે તે જ શિવ છે. આ પર્યાયદૃષ્ટિથી વાત ચાલે છે. વસ્તુસ્વરૂપે તો ભગવાન શુદ્ધ આનંદકંદ-પરમાનંદસ્વરૂપ હતા જ પણ તેના અવલંબનની પર્યાયમાં પણ જે પરમાનંદસ્વરૂપે પરિણમ્યા-પરમ કલ્યાણરૂપ પ્રગટ થયા તે પરમાત્મા શિવ છે.

વસ્તુ કષાય-અગ્નિથી રહિત અકષાયસ્વરૂપ શીતળ છે. નિર્વાણસ્વરૂપ દ્રવ્ય છે તે

પર્યાયમાં નિર્વાણરૂપ થાય છે. ભગવાન આત્મા મહાશાંત છે, એવા આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી પર્યાયમાં મહાશાંતરૂપે પ્રગટ થાય છે તે પરમાત્મા છે.

દ્રવ્યે તો આત્મા અવિનશ્વર છે પણ પર્યાયમાં-સંસારમાં ભિન્ન ભિન્ન ગતિમાં પરિણમન થતું હતું તેનો નાશ કરીને ભગવાન અવિનશ્વર થયો. તેનો ઉપાય શું? કે-અંતર ચિદ્ વિલાસસ્વરૂપ આત્માનું ધ્યાન કરતાં કરતાં પૂર્ણ અવિનશ્વર સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. આવું સિદ્ધપદ-મુક્તિપદ જેણે પ્રાપ્ત કરી લીધું છે તે જ શિવ છે. બીજા કોઈ જગતના કર્તા હર્તા શિવ નથી.

શિવસ્વરૂપ આત્માના ધ્યાનથી પર્યાયમાં જે શિવરૂપ થયા તે જ પરમાત્મા છે. બીજા કોઈ જગતના કરવાવાળા પરમાત્મા નથી. નૈયાયિકો અને વૈશેષિકો માને છે કે જગતમાં કોઈ સદાશિવ છે. ખરેખર એવા કોઈ છે નહિ. આત્મા જ શિવસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ આનંદનું દળ છે. તેનું ધ્યાન કરવાથી પર્યાયમાં પૂર્ણાનંદરૂપ અવિનશ્વર દશા થઈ તેને શિવ અને મુક્તિ કહે છે.

આ શુદ્ધાત્મા જ શાંત છે, શિવ છે અને ઉપાદેય છે. ઉપાદેય છે એટલે ધ્યાન કરવાલાયક એક શુદ્ધાત્મા જ છે. આ તો પરમાત્મપ્રકાશ છે ને! લાડવા તૈયાર કરીને પીરસ્યા છે. ભગવાન આત્માનું 'સ્વ' રૂપ જ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન છે. પૂર્ણ પરમાત્મસ્વરૂપ એ જ શક્તિનું સત્ત્વ છે. તેમાં અંશે પણ ફેરફાર નથી. સંસાર તો એક સમયની પર્યાયમાં છે. વસ્તુસ્વરૂપના ધ્યાનથી પર્યાયમાં સંસારનો નાશ થાય છે અને પ્રશાંત, નિરુપદ્રવ સિદ્ધ અવસ્થા પ્રગટ થાય છે. તે સિદ્ધને શિવ અને શાંત કહેવાય છે.

હુબલી ગયા હતા, ત્યાં એક મહંત આવ્યા હતાં, તેને બાર વર્ષથી મૌન હતું અને 'શિવોહં...શિવોહં' કરતાં હતાં. અરે ભાઈ! દરેક આત્મા પોતે જ શિવ છે બીજો કોઈ શિવ નથી. પોતાના શિવસ્વરૂપ શુદ્ધાત્માના ધ્યાનથી પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે તે પરમાત્મા છે. તે મહંતને લીંડીપીપરના દૃષ્ટાંતે વસ્તુની શક્તિનું સ્વરૂપ સમજાવ્યું તો તે બહુ રાજી થયાં.

દુનિયામાં ભલે ગમે તે થાઓ પણ ભગવાન તો નિર્વિકલ્પ પરમાનંદ, શાંત, નિર્વાણપદની અનુભવદશામાં લીન છે. તે પરમાત્મા જ શિવ, શાંત અને કલ્યાણસ્વરૂપ છે.

હવે આગળ કહેલાં નિરંજનસ્વરૂપને ત્રણ દોહા-સૂત્ર દ્વારા પ્રગટ કરે છે. અહીં પ્રગટ પરમાત્મા કેવા છે તેની વાત ચાલે છે, પણ વસ્તુ તરીકે દરેક આત્મા પણ એવા જ છે એ સમજી લેવું. સંસારી જીવોની અવસ્થામાં એવી દશા નથી પણ વસ્તુ એવી જ છે. જો વસ્તુ પરમાત્મસ્વરૂપે ન હોય તો ભગવાનને પર્યાયમાં એવી દશા ક્યાંથી પ્રગટ થાય! અને સંસારનો નાશ ક્યાંથી થાય!

ભગવાનને સફેદ, કાળો, લાલ, પીળો અને લીલો એ પાંચ પ્રકારનો વર્ણ નથી. કેમ કે ભગવાન આત્મા શરીર, કર્મ આદિ જડ-માટી-ધૂળથી રહિત છે. શુભાશુભભાવથી પણ રહિત ચૈતન્ય પિંડ જ્ઞાન, આનંદની મહા શીતળ શિલા છે. શાંત, શીતળ આનંદધામ, અસંખ્યપ્રદેશી ચૈતન્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનો અભાવ છે. કયારે?—કે અત્યારે. વર્તમાન એક સમયની પર્યાયમાં નિમિત્ત તરીકે ભલે હો પણ વસ્તુમાં એ કાંઈ નથી. રાગ-દ્વેષ પણ એક સમયની પર્યાયમાં છે. વસ્તુ તો તેનાથી રહિત નિર્મળ શીતળ શિલા છે. સંસારની અવસ્થા વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુ તો આનંદ....આનંદ...આનંદ જ્ઞાનની શાંત શિલા છે. સંસાર અવસ્થા વસ્તુમાં ન હતી તો તે વસ્તુના ધ્યાનથી સિદ્ધ ભગવાને સંસાર અવસ્થાનો નાશ કરી પૂર્ણાનંદદશા પ્રાપ્ત કરી.

સિદ્ધ ભગવાનમાં સુગંધ, દુર્ગંધ નથી તેમ આત્મામાં પણ નથી. આત્મા તો શશીકાંત શિલા છે. જેમ સ્તુતિમાં આવે છે ને ઈન્દ્રો સમવસરણમાં જાય છે ત્યાં શશીકાંત-શિલામાં વિશ્રામ લે છે-સફેદ શીલા ઉપર આરામ કરે છે-બેસે છે. તેમ ધર્મી સિદ્ધદશા પ્રગટ કરવા જાય છે, ત્યારે પોતાના શાંત, શીતળ, આનંદધામમાં દૃષ્ટિ કરીને તેમાં વિશ્રામ લે છે. ત્યારે તે પરમાત્મપદને પામે છે. કોઈ દેહની ક્રિયાથી ધર્મી મુક્તિ પામતા નથી.

સિદ્ધમાં ખાટો, મીઠો આદિ પાંચ રસ નથી તેમ ચિદાનંદ ચિદ્રૂપ વસ્તુમાં પણ પાંચ રસ નથી. પાંચ રસથી રહિત ચૈતન્ય આત્માની દૃષ્ટિ કરીને તેનું ધ્યાન કરવું તે મોક્ષનો ઉપાય છે. અંદરમાં જેટલો આનંદ છે તે પ્રવાહરૂપે પર્યાયમાં સિદ્ધને બધો આનંદ આવી જાય છે. લોકો બહારમાં સુખના સાધન માને છે એ તો બધાં આકુળતાના નિમિત્ત છે. આકુળતાના કારણ નથી પણ પોતે આકુળતા કરે છે તેમાં એ સાધનો નિમિત્ત છે.

ભગવાન આત્મા વસ્તુ છે ને! તો તેમાં વસેલા ગુણ છે ને! ગોમ્મટસારમાં નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કહે છે કે આત્મા વસ્તુ છે માટે તેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સુખ આદિ શીતળ...શીતળ સ્વાભાવનું સત્ત્વ અંદરમાં છે. આત્મા અનંત ગુણનું ધામ છે. એ આત્માનું ધ્યાન કરવાથી સિદ્ધભગવાનને એ ગુણો પ્રગટ થઈ ગયા છે.

સિદ્ધભગવાનને ભાષા અભાષારૂપ શબ્દ નથી અર્થાત્ સચિત્ત, અચિત્ત મિશ્રરૂપ કોઈ શબ્દ નથી. તેમ ભગવાન આત્માને પણ શબ્દ નથી. બોલે છે એ તો વાણી બોલે છે. આત્મા બોલતો નથી. વાણી તો જડ છે. આત્મા ત્રણકાળ ત્રણલોકમાં કદી બોલતો નથી. વર્તમાન પર્યાયમાં શબ્દ-અશબ્દ સાથે નિમિત્ત સંબંધ છે પણ વસ્તુમાં તેનો અભાવ છે. ભાષાવર્ગણાને યોગ્ય પરમાણુની પર્યાયમાંથી શબ્દ ઉઠે છે અને અવાજ આવે છે. હોઠથી પણ ભાષા બોલાતી નથી. સિદ્ધને તો ભાષા સાથે પર્યાયમાં પણ નિમિત્ત-સંબંધ નથી. સંસારી જીવને પર્યાયમાં એટલો ભાષા સાથે નિમિત્તસંબંધ છે.

શીત, ઉષ્ણ, ચીકાશ, લુખાશ, ગુરુ, લઘુ, મૃદુ અને કઠણ એવા આઠ પ્રકારના

સ્પર્શ સિદ્ધને પણ નથી અને દરેક આત્માને પણ આઠ સ્પર્શ નથી.

સિદ્ધ ભગવાનને જન્મ-મરણ નથી તેમ ભગવાન આત્માને પણ જન્મ-મરણ નથી. વસ્તુનો જન્મ કેવો? અને મરણ કેવું? વસ્તુ તો અનાદિ અનંત અકૃત્રિમ શાશ્વત પદાર્થ છે. ચૈતન્ય વસ્તુને જન્મ-મરણ સાથે નિમિત્તસંબંધ પણ નથી.

આવા ચિદાનંદ, શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ સિદ્ધ પરમાત્માને 'નિરંજન' સંજ્ઞા છે. અર્થાત્ એવા પરમાત્માને જ નિરંજનદેવ કહેવાય છે. વળી, તે નિરંજનદેવ કેવા છે? નિરંજન સિદ્ધ પરમેષ્ઠીને ગુસ્સો ન હોય. વસ્તુસ્વરૂપમાં જ ગુસ્સો નથી. સંસારીદશામાં તો જીવ પર્યાયમાં ગુસ્સો-વિકાર ઉત્પન્ન કરે છે પણ વસ્તુમાં વિકાર નથી અને સિદ્ધને તો પર્યાયમાં પણ વિકાર નથી. સિદ્ધ ભગવાનને જાતિ, કુળનો મદ કે જ્ઞાનમદ આદિ આઠ પ્રકારનો મદ ન હોય. અને સમકિતીને દ્રવ્યસ્વભાવની મહિમા આવી છે તેથી તેને પણ જ્ઞાનના ક્ષયોપશમ આદિનો મદ ન હોય. મારો અખંડાનંદ ભગવાન બિરાજે છે તેની પાસે બધી ચીજ હલકી અને તુચ્છ છે.

ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ,
કાગ વીટ સમ જાનત હૈ, સમ્યગ્દષ્ટિ લોગ.

ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિને નિજસ્વરૂપ આનંદમૂર્તિના અનુભવ આગળ પૂર્વ પુણ્યથી કદાચ છ ખંડનું રાજ્ય મળ્યું હોય કે ઇન્દ્રપદ મળ્યું હોય, કરોડો ઇન્દ્રાણી હોય પણ એ બધું તેને કાગવીટ સમાન તુચ્છ લાગે છે. મારા આનંદમૂર્તિ નિજ ભગવાન કરતાં જગતમાં કોઈ ચીજ અધિક નથી. એક મારો ભગવાન આત્મા જ મને અધિક છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. મારા સત્ ચિદાનંદ સિદ્ધ સમાન શુદ્ધાત્મા પાસે બીજું કોઈ અધિક નથી. તો હું શેનું અભિમાન કરું? જે ચીજ આત્મામાં નથી તે ચીજ ધર્મીની દૃષ્ટિમાં નથી તેથી તેનું ધર્મીને અભિમાન ન હોય.

આહાહા...! ક્યાં આત્માનું સ્વરૂપ! અને લોકો તેને કેવું માની બેઠા છે! વીતરાગની દિવ્યધ્વનિથી પણ આત્મા જાણી શકાતો નથી. કેમ? કે વાણી પર છે. તે સાંભળવાનું લક્ષ રહે છે તે તો વિકલ્પ છે. વિકલ્પથી આત્મા ન જણાય. આવી વાત સાંભળીને લોકો એમ કહે કે અરે! આ શું જૈન કહેવાય?

અરે, જૈનના આચાર્ય યોગીન્દ્રદેવ કહે છે કે ભગવાનની વાણીથી પણ આત્મા ન જણાય. યોગીન્દ્રદેવ એટલે કોણ કે જે મહાન આચાર્ય, સંત, પરમેષ્ઠીમાં ભળેલાં છે. 'નમો આયરિયાણં'માં તેઓનું પદ છે. એવા એ જંગલમાં વસતાં મુનિરાજ કહે છે કે- વીતરાગની વાણીથી આત્મા ન જણાય. લોકો કહે છે આવું માને તે જૈન નહિ. તો અહીં તો કહે છે કે વીતરાગની વાણીથી નહિ-વિકલ્પથી નહિ પણ આત્માના નિર્વિકલ્પ ધ્યાનથી

આત્મા જણાય છે. આમ માને છે તે જૈન છે. આગળ ૨૩ મી ગાથામાં આ વાત બહુ સરસ આવશે કે લોકો અન્ય માર્ગમાં જ વળેલાં છે. લોકો અન્યથા કલેશ કરી રહ્યાં છે માર્ગ કોઈ જુદો જ છે.

પહેલાં શાસ્ત્રથી સમજવું એ નિમિત્ત છે પણ આત્માની પ્રાપ્તિ તો નિર્વિકલ્પ ધ્યાનથી જ થાય. એ સિવાય બીજો કોઈ ઉપાય ત્રણકાળ ત્રણલોકમાં નથી. જેણે આત્મા મેળવ્યો તેણે નિર્વિકલ્પ ધ્યાનથી જ મેળવ્યો છે અને જેણે ખોયો છે તેણે આર્ત્ત રૌદ્ર ધ્યાનથી જ ખોયો છે.

અહો! કેવળજ્ઞાનનો કંદ આત્મા! જેમાંથી કેવળજ્ઞાનનો પ્રવાહ વહે એવો આત્મા! તેમાં મદ કેવો? અને તેના દૃષ્ટિવંતને મદ કેવો? પૂર્ણ પર્યાયને પ્રાપ્ત સિદ્ધોને એવો કોઈ જાતનો મદ ન હોય. વળી માયા કે માન કષાય પણ સિદ્ધોને ન હોય.

સિદ્ધોને ધ્યાનના સ્થાન નાભિ, હૃદય, મસ્તક, આંખ વગેરે ન હોય. સિદ્ધને નથી તેમ આત્મપદાર્થમાં પણ નાભિ આદિ નથી. ભગવાનને ચિત્તને રોકવારૂપ ધ્યાન ન હોય કેમકે ચિત્ત જ નથી ત્યાં ચિત્તને રોકવારૂપ ધ્યાન કયાંથી હોય. વસ્તુમાં વિકલ્પનો અભાવ છે, તો વસ્તુના નિર્વિકલ્પધ્યાનમાં પણ વિકલ્પનો અભાવ છે અને પરમાત્માની પૂર્ણ પર્યાયમાં પણ વિકલ્પ ન હોય.

આવા નિજશુદ્ધાત્માને હે જીવ! તું જાણ. આચાર્યદેવ પરમાત્મદશાને બતાવતાં બતાવતાં મૂળ તો શુદ્ધાત્માનું સ્વરૂપ કહેતાં જાય છે. સિદ્ધસ્વરૂપ કહેવા પાછળ પ્રયોજન તો આત્માનું સ્વરૂપ સમજાવવાનું છે. હે જીવ! તું તારા આત્માને આવો નિરંજન જાણ!

સારાંશ એ છે કે પોતાની પ્રસિદ્ધિ–મહિમા, પૂર્વે દેખેલા–સાંભળેલાં ભોગોની ઇચ્છારૂપ બધાં વિભાવ પરિણામોને છોડીને શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને શુદ્ધાત્માનો અનુભવ કરવો.

ભાઈ! તારે ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરવી છે કે બહારની પ્રસિદ્ધિ તારે જોઈએ છે?

દિગંબર સંતો ધર્મના સ્તંભ છે. ભગવાન ત્રિલોકીનાથે ફરમાવેલા ધર્મરૂપે પરિણત થઈને–અંતર આત્માના આનંદરૂપે પરિણમીને વાત કરે છે કે તું તારી પર્યાયમાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ કર. બહારમાં કોઈ તારી પ્રસંશા કરે એનું લક્ષ છોડી દે.

જગતમાં અમારી મહિમા વધે તો ઠીક. અરે ભાઈ! તારી મહિમા તો અંતરમાં છે. અરિહંત ભગવાન પણ તારી મહિમાની વાત પૂરી કહી શકતાં નથી. અહો! એવો તું સચ્ચિદાનંદ પ્રભુ છો તેની મહિમા કરવી છે કે પુણ્ય અને પુણ્યના ફળની મહિમા કરવી છે?

બહારમાં કોઈ અપૂર્વ વસ્તુ મળી જાય–સારો દીકરો થાય કે લક્ષ્મી મળે કે નિધાન

મળી જાય ત્યાં આહાહા, મને બહુ મળ્યું ! અરે, છોડ એ વિકલ્પ. આત્મા પ્રાપ્ત થાય તે અપૂર્વ છે. બાકી બધું ધૂળ સમાન નકામું છે. ઘણીવાર મળી ચૂક્યું છે. તેમાં રાજી થવા જેવું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માની પ્રજા છે તે પ્રજાને પ્રાપ્ત કરવી એ અપૂર્વ છે. ૬૦ વર્ષે દીકરો થાય એ અપૂર્વ નથી.

મુમુક્ષુ:—અત્યારે તો પૈસા મળ્યાં તો બધુંય મળી ગયું એવું છે.

પૂજ્ય ગુરુદેવ:—અરે, પૈસા તો ધૂળ-માટી છે. જ્યારે માંદગી આવે, મરણ પથારીએ હો ત્યારે પૈસા પાસે માગણી કરવી કે આખી જિંદગી મેં તારી પાછળ વીતાવી છે હવે કાંઈક મારી મદદ કર. બ્લડપ્રેશર વધી ગયું હોય-માથું ફરતું હોય,....અરે, પૈસા કાંઈક તો મદદ કર. પૈસા કહે છે અમે તો જડ છીએ. તારી મદદ અમારાથી ન થાય.

દિગંબર સંતો કહે છે, પ્રભુ! તારી પ્રતિષ્ઠા-બડાઈ આગળ બીજી ચીજોની બડાઈ-મહિમા તને કેમ આવે છે? છોડ એ મહિમા અને આત્માની કિંમત કર, મહિમા લાવ. નિજઘરની મહિમા છોડીને પરની મહિમા કરનારી દુનિયા આખી પાગલ છે. નિજ શુદ્ધાત્માની મહિમા સમજેલા સમ્યગ્દૃષ્ટિને આખા જગતનો વૈભવ કાગડાની વિષ્ટા સમાન તુચ્છ ભાસે છે.

અરે, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથ વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે કે ભગવાન! તારો આત્મા મારી જેવો જ છે. તેની બડાઈ છોડીને દુનિયાની બડાઈમાં તું હેરાન થઈ ગયો છે.

બહારમાં જેટલું જોયું, જે સાંભળ્યું, જે ભોગવ્યું એટલે પરને તો આત્મા ભોગવી ન શકે પણ તેના લક્ષે થયેલા રાગને અને વિકલ્પને ભોગવ્યાં તે દેખેલા અને સાંભળેલા ભોગોની ઇચ્છારૂપ વિભાવને છોડી શુદ્ધાત્માનો ભોગ કર-અનુભવ કર.

દેહદેવળમાં બિરાજમાન નિજ શુદ્ધાત્માની અનુભૂતિ સ્વરૂપ નિર્વિકલ્પ શાંતિમાં ઠરીને શુદ્ધાત્માનો અનુભવ કરવો એ જ સાર છે. સમજાણું કાંઈ?

પહેલાં ગુરુગમથી અને શાસ્ત્રથી આત્માનું સ્વરૂપ જાણી લે. પણ રાગ, પુણ્ય, દયા-દાનના વિકલ્પથી કે શાસ્ત્રના વિકલ્પથી આત્મા અનુભવમાં નહિ આવે. રાગ, પુણ્ય,-વિકલ્પ અને મનના સંગથી રહિત શુદ્ધાત્માનું અનુસરણ કરવાથી આત્મા અનુભવમાં આવશે. માટે તું સર્વ વિભાવ પરિણામોને છોડી શુદ્ધાત્માનુભૂતિ કર અને તેમાં ઠર એ કહેવાનું પ્રયોજન છે. સિદ્ધનું સ્વરૂપ કહીને પણ આચાર્યદેવનો હેતુ તો સિદ્ધ સમાન દ્રવ્યસ્વભાવને ઓળખી, તેમાં ઠરી અભેદ શાંતિ પ્રગટ કરાવવાનો આશય છે.

જેવી સિદ્ધની પર્યાય છે એવું તારું દ્રવ્ય છે. માટે સિદ્ધના જેવી પર્યાય પ્રગટ કરવા માટે તું રાગ અને મનનો સંગ છોડી અંતરસ્વભાવમાં ત્રાટક લગાવી-દૃષ્ટિ કરી, અનુભવ કર અને તેમાં ઠરી જા. એ અમારો કહેવાનો આશય છે.

શ્રદ્ધાનો એવો વજ્રસ્તંભ ખડો કરી દે કે ભગવાન અખંડાનંદ પ્રભુ સન્મુખ દષ્ટિ, જ્ઞાન અને નિર્વિકલ્પ અનુભૂતિથી જ આત્મા પ્રાપ્ત થાય બીજો કોઈ ઉપાય નથી. "જિસને પાયા ઉસને ધ્યાનસે પાયા, જિસને ગુમાયા ઉસને રાગકી એકતાસે ગુમાયા" ત્રણકાળ ત્રણલોકમાં જૈન પરમેશ્વરનો આ એક જ માર્ગ છે.

વાંચવું નહિ, સમજવું નહિ, વિચારવું નહિ અને માત્ર ક્રિયાથી ધર્મ થઈ જશે એમ માનીને વ્યવહારી જીવોએ, જીવને ઘાંચીના બળદની જેમ ક્રિયામાં જોડી દીધો છે પણ એમ ધર્મ નહિ થાય ભાઈ! અંતરમાં બિરાજમાન આતમરામ ઉપર દષ્ટિ લગાવી, રાગ રહિત નિર્વિકલ્પ અનુભવથી શાંતિમાં ઠરી અનુભવ કર. એ જ એક સિદ્ધપદ પ્રાપ્તિનો ઉપાય છે.

શ્રોતાઃ—કર્મ ક્યાં ગયા?

પૂજ્ય ગુરુદેવઃ—કર્મ જાય કર્મમાં. કર્મ જડ છે. જડની મૌજુદગી જડમાં અને આત્માની મૌજુદગી આત્મામાં. બંને સ્વતંત્ર છે. કર્મ કાંઈ આત્મામાં ઘૂસી ગયા નથી. એક સમયના વિકલ્પનું પણ આત્મામાં અસ્તિત્વ નથી, માટે નિર્વિકલ્પ ધ્યાનવડે જ આત્માની પ્રાપ્તિ થાય છે. બીજો કોઈ ઉપાય નથી.

અરે, તું પરની મહિમા, બડાઈ છોડ, ભોગોની આકાંક્ષા છોડ અને સ્વરૂપમાં દષ્ટિ લગાવીને તેમાં ઠર! તારા સ્વભાવમાં એક એક ગુણમાં અચિંત્ય, અપૂર્વ, મહાન શક્તિ ભરી છે. એવા અનંત ગુણસ્વરૂપ વસ્તુની શક્તિની મહિમા શું કહેવી? તેને પ્રાપ્ત કરવાનો એક જ ઉપાય ભગવાને કહ્યો છે. તે એ કે નિર્વિકલ્પ અનુભૂતિ કરીને તેમાં ઠરી જા. ભગવાને વ્યવહાર કહ્યો છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યો છે. શાસ્ત્ર અને સત્સમાગમ વડે પહેલાં વસ્તુનો ખ્યાલ કરી લે અને પછી અંતરનો ઉપાય કરીને અનુભવ કરે તો શાસ્ત્ર આદિને નિમિત્ત કહેવાય. અંદરનો ઉપાય ન કરે તો એ નિમિત્ત પણ નથી. અંતર અનુભવદષ્ટિરૂપ નિશ્ચય પ્રગટ્યા વિના વ્યવહાર પણ ન હોય. છઢાળામાં આવે છે ને.

'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ.'

દશ દોહામાં સિદ્ધનું સ્વરૂપ કહે છે પણ પ્રયોજન તો સિદ્ધ સમાન પોતાના આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ કરીને તમે પણ સિદ્ધ જેવી પૂર્ણ દશાને પ્રાપ્ત કરો એ કહેવાનો આશય છે.

વળી તે નિરંજન સિદ્ધ કેવા છે? કે જેમાં દ્રવ્ય, ભાવરૂપ પુણ્ય-પાપ નથી. પુણ્ય-પાપ કર્મ પણ સિદ્ધમાં નથી અને પુણ્ય-પાપ ભાવ પણ નથી. સિદ્ધની જેમ આત્મામાં પણ દ્રવ્યભાવરૂપ પુણ્યનો અભાવ છે, હરખ-શોકરૂપ, રાગ-દ્વેષ પણ સિદ્ધમાં અને આત્મસ્વભાવમાં નથી. ક્ષુધા, તૃષા આદિ દોષો પણ સિદ્ધને નથી અને આત્માને પણ નથી. આવા આત્માનું ધ્યાન કરીને તું સિદ્ધપદ પ્રાપ્ત કર એ આખા શાસ્ત્રનો સાર છે.

—✻—

[ ક્રમશઃ ]

[ પ્રવચન નં. ૫૦ ]

# પરાશ્રયથી સંસાર, સ્વાશ્રયથી મુક્તિ

[ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૨૯-૫-૬૬ ]

શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્રની આ ૪૫ મી ગાથાનો વિશદ અર્થ ચાલે છે.

શરીર આદિ દરેક પદાર્થ પર તે પર જ છે. કોઈ પણ રીતે તેને આત્મા બનાવી શકાતાં નથી કે આત્મા સમાન પણ બનાવી શકાતાં નથી. છતાં અજ્ઞાની જીવ પરને પોતાના માને છે તેથી દુઃખી થાય છે. આત્માનો આશ્રય કરવાથી જ સુખ છે અને પરનો આશ્રય કરવાથી જ દુઃખ છે.

શુદ્ધ ચૈતન્ય નિજ સામાન્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ કરવાથી વિશેષમાં શુદ્ધિ પ્રગટ થાય છે, તે સુખરૂપ છે અને પરપદાર્થમાં જેટલું લક્ષ જાય છે તેટલાં શુભાશુભ થાય છે તે દુઃખરૂપ છે, કારણ કે દુઃખના કારણોની પ્રવૃત્તિ તેના કારણે થયાં જ કરે છે.

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ પરમાત્મસ્વરૂપ બિરાજે છે, તેના આશ્રયે પર્યાયમાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે તે સુખરૂપ છે અને સ્વાત્માનું લક્ષ ચૂકીને જેટલું પરલક્ષ થાય છે, તેમાં દયા-દાન આદિના શુભભાવ કે ઉપદેશ દેવાનો રાગ એ બધી દુઃખની પ્રવૃત્તિ છે.

સ્વભાવનો આશ્રય લેવો તે એક જ શુદ્ધિનો ઉપાય છે. તેને બદલે વ્રત, તપ, જપ, દયા, દાન કે ઉપદેશ દેવાના શુભભાવને કોઈ શુદ્ધિનો ઉપાય માની લે તો તે મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યના લક્ષે જે રાગ થાય છે તે દુઃખનું જ કારણ છે. બીજાને ઉપદેશ દેવાથી બીજાને તો લાભ થશે અને મારે પણ જ્ઞાનની વૃદ્ધિ થશે આવી માન્યતા તે મિથ્યાદૃષ્ટિનો વ્યામોહ છે. પરદ્રવ્યના લક્ષે થતાં તીર્થંકરપ્રકૃતિને યોગ્ય ભાવો પણ દુઃખરૂપ છે-દુઃખનું કારણ છે.

એ જ વાત છે. જેટલી અંતર સ્વભાવના આશ્રયે એકાગ્રતા કરે તેટલો લાભ છે અને પરલક્ષે વિકલ્પ ઉઠે તેટલું અહિત છે, પછી તે વિકલ્પ ભલે ઊંચામાં ઊંચા શુભભાવના હોય તોપણ તે દુઃખરૂપ છે-સંયોગી ચીજ મેળવવાનું કારણ છે પણ સ્વભાવ મેળવવાનું તે કારણ નથી.

ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્યપિંડ છે તે કદી તીર્થંકરગોત્રને યોગ્ય શુભભાવરૂપે પણ થતો નથી. આત્મા ત્રિકાળ આત્મારૂપે જ રહે છે, શુભાશુભભાવરૂપે તે થતો જ નથી, તો દેહાદિસ્વરૂપે તો કયાંથી થાય?

લોકોને એવી માન્યતા થઈ ગઈ છે કે આપણે શાસ્ત્ર લઈએ અને પછી બીજાને શીખવાડીએ તો આપણને લાભ થાય. પણ એમાં તો પરાવલંબી જ્ઞાનથી તેં લાભ માન્યો ભાઈ! તારી દૃષ્ટિ જ મિથ્યા થઈ ગઈ. શુભવિકલ્પની કિંમત આવે તેને નિર્વિકલ્પ ધ્યાનની કિંમત કયાંથી આવે! ઇષ્ટોપદેશમાં આ બધી સ્પષ્ટતા કરે છે. વાત ઝીણી પડે પણ મૂળ વાત છે.

પૂજ્યપાદસ્વામી ફડાક દઈને બે કટકા કરે છે. સ્વભાવના લક્ષે સુખ છે અને પરદ્રવ્યના લક્ષે દુઃખ છે. પોતાનો આત્મા દુઃખનું કારણ નથી, દુઃખનો વિષય નથી પણ સુખનું કારણ છે અને સુખનો વિષય છે અને થોડું પણ પરલક્ષ છે તે દુઃખ છે, દુઃખનું કારણ છે. અરે! પ્રભાવનાના શુભભાવના લક્ષે પણ ઘણીવાર જીવ વ્યામોહમાં-ભ્રમમાં પડી જાય છે કારણ કે પાંચ-પચાસ હજાર માણસો પ્રવચન સાંભળવા આવે અને વાહ! વાહ! કરે ત્યાં પોતાને એમ થઈ જાય કે મારામાં કાંઈક લાગે છે ત્યારે આટલા માણસો વખાણ કરે ને! તેને કહીએ છીએ કે અરે મૂઢ છો! ભ્રમમાં પડયો છો!

આ તો વીતરાગનો મારગ છે ભાઈ! આત્મા વીતરાગસ્વરૂપે બિરાજમાન છે. તેનો અંતર આશ્રય કરવાથી જેટલી શુદ્ધિ પ્રગટ થાય એટલો લાભ છે, બાકી જેટલા શુભવિકલ્પ છે તે આત્માને લાભરૂપ તો નથી પણ લાભમાં મદદરૂપ પણ નથી.

શ્રોતાઃ-આપના જેવા ગુરુ જ આવી વાત કરી શકે.

પૂજ્ય ગુરુદેવઃ-આ જુઓને! પૂજ્યપાદસ્વામી શું કહે છે! એક શ્લોકમાં બધું આવી જાય છે. પર છે તે સઘળુંય દુઃખરૂપ છે અને સ્વ છે તે સુખરૂપ છે. આ તો પૂજ્યપાદસ્વામી દ્વારા ભગવાન પાસેથી આવેલી વાતો છે.

શરીર, વાણી, મનથી રહિત શુદ્ધ આત્મા જ સુખરૂપ છે. તેના આશ્રયે પર્યાયમાં જેટલી શુદ્ધિ પ્રગટ થાય છે તેટલો આનંદનો લાભ થાય છે અને પરના લક્ષે જેટલા વિકલ્પ ઉઠે છે તે બધું દુઃખનું કારણ થાય છે.

કુંદકુંદ આચાર્યદેવે મોક્ષ-અધિકારમાં કહ્યું છે 'પર દવ્વાઓ દુગઈ અને સદ્દવ્વાઓ સુગઈ.' સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ થાય છે એટલે સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધ પરિણમન થાય છે અને પરદ્રવ્યના આશ્રયે દુર્ગતિ—અશુદ્ધ પરિણમન થાય છે. પરદ્રવ્યમાં ભલે સામે સાક્ષાત્ ત્રિલોકીનાથ બિરાજતાં હોય પણ તેની સામે લક્ષ જતાં વિકલ્પ જ થાય અને વિકલ્પમાત્ર દુઃખરૂપ જ છે.

ભગવાન આત્મા વિકલ્પ રહિત-નિર્વિકલ્પ ચિદાનંદમૂર્તિ છે, તેમાં રાગાદિ થાય છે તે તો અનાત્મા છે. તે અનાત્માથી આત્માને લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે. આ તો ન્યાયથી સમજવાની વાતો છે ભાઈ! આમાં કોઈ કહે કે આવી વાતથી લોકોનો

ઉત્સાહભંગ થઈ જશે. અરે! બહારનો ઉત્સાહભંગ થઈને અંદરમાં સમાશે તો આત્માને લાભ થશે.

ભગવાન આત્મા શુદ્ધ ચિદ્ઘનપ્રભુનો આશ્રય કરવો તે એક જ લાભનું કારણ છે, તેનાથી જ સુખરૂપ દશા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના આત્માના આશ્રયે જ પ્રગટ થાય છે. કષાયની મંદતાથી સમ્યગ્દર્શન આદિ પ્રગટતાં નથી. લોકો એમ કહે કે આ જીવને તીર્થંકરગોત્ર બંધાણું છે માટે કેવળજ્ઞાન થશે. અરે મૂઢ છો! તીર્થંકરગોત્ર કર્મના પરમાણુ પડ્યાં છે તેનાથી કેવળજ્ઞાન થાય? અરે! એ શુભભાવ છે તે બંધભાવ છે, એ બંધભાવ જ્યાં સુધી હશે ત્યાંસુધી અબંધભાવ નહિ થાય. બંધભાવ દુઃખરૂપ છે; તેને છેદ કરશે ત્યારે અબંધસ્વભાવ પ્રગટ થશે. તીર્થંકર થવાવાળા જીવ પણ એમ માને છે કે આ શુભભાવ છે તે મને દુઃખરૂપ છે.

શુભ કર્મનો બંધ તો દુઃખરૂપ છે પણ શુભભાવ પણ દુઃખરૂપ છે કેમ કે તે સુખનો ઘાતક છે. આવી વાત માનવી લોકોને કઠણ પડે પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

તીર્થંકરગોત્રને યોગ્ય કે આહારક શરીરને યોગ્ય એવા કોઈ શુભભાવરૂપે આત્મા થતો જ નથી તો તેનાથી આત્માને લાભ શી રીતે થાય?

આત્મા કદી પરરૂપ કે રાગરૂપ થતો નથી અને પરદ્રવ્ય કે રાગાદિ કદી આત્મારૂપ થતાં નથી. તીર્થંકરગોત્ર આદિના શુભભાવને આત્મારૂપ બનાવી દે એવી આત્મામાં તાકાત જ નથી. તેમ આત્મા પોતે તે ભાવોરૂપે થઈ જાય એવું પણ આત્મામાં કદી બનતું નથી. તો એ ભાવોથી આત્માને લાભ શી રીતે થાય?

ઉપદેશકોને પણ ભ્રમ પડી જાય એવું છે. કેમ કે શાસ્ત્રમાં પણ એવું વર્ણન આવે કે બીજાને જ્ઞાનદાન આપવાથી કેવળજ્ઞાન થાય. આવી વાત આવે ત્યાં ગલગલિયાં થઈ જાય પણ ભાઈ! જ્ઞાનસ્વરૂપ પોતાના ચિદાનંદસ્વભાવમાં એકાગ્ર થવું તે જ્ઞાનદાન છે, તેનાથી કેવળજ્ઞાન થાય છે, પરને સમજાવવાના શુભ વિકલ્પથી કેવળજ્ઞાન થતું નથી.

પરદ્રવ્ય તરફ જેટલું લક્ષ જાય છે તે દુઃખરૂપ છે ભાઈ! પર જીવોને સમજાવીને લાભ લેવાની બુદ્ધિ છે એટલે તું પરને સમજાવવામાંથી નવરો નહિ થા! તને અંતરમાં સમાવાનો સમય નહિ મળે ભાઈ!

શુદ્ધ ચૈતન્યઘન આત્મામાં એવી તાકાત નથી કે તે પરને પોતાના સમાન બનાવી દે અથવા પોતે પર સમાન બની જાય એવી પણ તાકાત નથી તો પરથી લાભ શી રીતે થાય? રાગરૂપે પણ આત્મા થતો નથી તો પરરૂપે ક્યાંથી થાય? આત્મા તો સદાય વીતરાગસ્વરૂપે રહેલો છે. તેનો આશ્રય કરવાથી પર્યાયમાં સુખ થાય છે.

આહાહા....! ભગવાન આત્મા દુઃખનો વિષય જ નથી, તેને જે વિષય બનાવે તેને સુખ જ થાય અને આત્માને છોડી બીજાને વિષય બનાવે તેને દુઃખ જ થાય. શુભાશુભભાવ દુઃખરૂપ છે કેમ કે તેનો વિષય પરદ્રવ્ય છે.

ભગવાન આત્મા પોતાનો શુદ્ધસ્વભાવ છોડીને ત્રણકાળમાં કદી પણ રાગરૂપે કે દુઃખરૂપે થતો જ નથી, દુઃખનો વિષય પણ બનતો નથી, પરને એકરૂપ કરતો નથી. આવો આત્મસ્વભાવ હોવાથી મોટા મોટા મહાપુરુષોએ પણ અંતરદૃષ્ટિ કરીને સ્વરૂપમાં સમાવાનો પ્રયત્ન કર્યો છે.

જેની દૃષ્ટિમાં જ વિપરીતતા છે કે મારું ભલે ગમે તેમ થાઓ પણ સમાજને લાભ થાય તેવું મારે કરવું છે. આવી દૃષ્ટિથી પોતાને કે સમાજને કોઈને લાભ થતો નથી. પોતાને તો લાભ ન થાય પણ આવી મિથ્યા દૃષ્ટિ હોવાથી સમાજના લાભમાં તે નિમિત્ત પણ થતો નથી. શુભ વિકલ્પ છે તે અનાત્મા છે. અનાત્માથી આત્માને લાભ કદી થઈ શકતો નથી.

ષોડશકારણ ભાવના ભાવવાથી તીર્થંકરગોત્ર બંધાય છે ને! અહીં કહે છે કે એ ષોડશકારણ ભાવનારૂપે આત્મા થતો નથી અને ષોડશકારણભાવના આત્મારૂપે થતી નથી. ભગવાન આત્મા શાંતિનું દળ છે, તે શાંતિનું દળ વિકલ્પરૂપે કેમ થાય? ન જ થાય.

આ તો સર્વજ્ઞ વીતરાગદેવનો કહેલો સત્ય માર્ગ છે. અંતરનો કોઈ અલૌકિક માર્ગ છે. પરદ્રવ્યનો આશ્રય તો નહિ, પરદ્રવ્યના વિશેષનો આશ્રય તો નહિ પણ પોતાના વિશેષનો પણ આશ્રય છોડીને સામાન્ય નિજદ્રવ્યસ્વભાવનો આશ્રય કરે ત્યારે સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગની વિશેષતા પ્રગટ થાય છે. આ માર્ગે ચાલીને સંતોએ સ્વરૂપમાં એકાગ્રતાનું સાધન પ્રગટ કરી લીધું છે.

વ્યવહારરત્નત્રયના શુભવિકલ્પરૂપે આત્મા થતો નથી અને વ્યવહારરત્નત્રય આત્મારૂપે થતા નથી. માટે વ્યવહારરત્નત્રયથી પણ આત્માને લાભ નથી. એકમાત્ર સામાન્ય સ્વરૂપના આશ્રયે સ્થિરતા પ્રગટ કરવાથી જ લાભ છે. આથી જ તીર્થંકર આદિ મોટા મોટા પુરુષોએ આત્માના સ્વરૂપમાં સ્થિર થવા માટે અનેક પ્રકારનો તપ આદિનો ઉદ્યમ કર્યો છે.

કોઈ પણ પ્રકારની ઇચ્છા છે તે દુઃખરૂપ છે એમ જાણી આત્માના આશ્રયે ઇચ્છાનો નિરોધ કરી મહાપુરુષો આત્મસ્થિતારૂપ તપ કરે છે. તેનાથી મહાપુરુષોને સંવર-નિર્જરારૂપ શુદ્ધિનો મહાન લાભ થાય છે.

મહાપુરુષો તપ આદિ અનુષ્ઠાનોનો ઉદ્યમ કેવી રીતે કરે છે? કે નિદ્રા, આળસ આદિથી રહિત થઈ અપ્રમત્તપણે તેનો ઉદ્યમ કરે છે ત્યારે આત્મસ્થિરતા પ્રાપ્ત થાય છે.

સ્વાશ્રયની જાગૃતિમાં નિદ્રા, આળસ આદિ આવતાં જ નથી. આવી જાગૃતિથી પુરુષાર્થ કરીને મહાપુરુષો પોતાના આત્માને કેવળજ્ઞાનથી શોભાયમાન બનાવે છે.

ટૂંકામાં, ૪૫ મી ગાથામાં એ કહ્યું છે કે પરલક્ષ જાય છે તે સઘળુંય દુઃખરૂપ છે અને રાગ રહિત શુદ્ધ ચૈતન્ય પ્રભુની દૃષ્ટિ અને સ્થિરતા પ્રગટ કરવી તે સુખરૂપ છે. આવું જાણી એકમાત્ર પોતાનું હિત ચાહવાવાળા મહાપુરુષો આત્મામાં એકાગ્રતાનો પુરુષાર્થ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે.

ચૈતન્યસ્વભાવી આત્માનો અંતર આશ્રય લેવાનો પરમ હિતોપદેશદાતાર, આત્મ-જીવન શિલ્પી શ્રી સદ્ગુરુદેવનો જય હો.

[ ક્રમશઃ ]

—*—

## તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે

* અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદર નથી આવતો; ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ—મિથ્યાત્વ-સંસાર! અરે! ક્યાં લીંબડાના અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો! તારો વિરોધ નથી. પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય, એનો દીકરો વેશ્યામાં જાય —એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય. પ્રભુ! શરમ આવે છે! —પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

* જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે, તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. —પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

—*—

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

લોકભાવનાનો આ અધિકાર છે લોકમાં રહેલાં બધા દ્રવ્યોમાં સમયે સમયે સ્વતંત્ર પરિણમન થાય છે. આવા વસ્તુસ્વરૂપના ચિંતનથી ક્ષણેક્ષણે શુદ્ધતા વધે છે ને સંવર થાય છે.

જગતમાં જીવાદિ પદાર્થો છે, તે બધાય દ્રવ્યપણે તો નિત્ય છે ને પર્યાય અપેક્ષાએ ક્ષણિક છે. દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય થતાં ગુણમાં પણ ઉત્પાદ–વ્યય થાય છે. સ્વભાવપર્યાય હો કે વિભાવપર્યાય હો, તેનો કાળ એક સમયનો જ છે, કોઈ પર્યાય બે સમય રહેતી નથી. પર્યાય અને દ્રવ્ય કથંચિત્ અભેદ છે, તેથી પર્યાયના ઉત્પાદ–વ્યય થતાં દ્રવ્ય–ગુણનાં પણ ઉત્પાદ–વ્યય થાય છે. કેમકે દ્રવ્ય–ગુણ પણ કથંચિત્ પલટે છે. પર્યાય અપેક્ષાએ દ્રવ્ય–ગુણ પણ ઊપજે–વિણસે છે. એ વાત કહે છે.

**सः अपि न विनश्यति जायते विशेषरूपेण सर्वद्रव्येषु ।**
**द्रव्यगुणपर्यायाणां एकत्वं वस्तुं परमार्थं ॥ २४२ ॥**

**અર્થઃ—જે ગુણ છે તે પણ દ્રવ્યોમાં વિશેષરૂપથી ઊપજે–વિણસે છે. એ પ્રમાણે દ્રવ્ય–ગુણ–પર્યાયોનું એકપણું છે અને તે જ પરમાર્થભૂત વસ્તુ છે. ૨૪૨.**

ગુણ ને પર્યાય સર્વથા જુદા નથી. પર્યાય ઊપજી ને ગુણ સર્વથા કૂટસ્થ રહ્યા એમ નથી. ગુણ પણ કથંચિત પરિણમે છે. પર્યાય વ્યક્ત થાય છે તે વખતે પણ ગુણ શક્તિરૂપે તો પૂર્ણ જ રહે છે. ગુણ પોતે વિશેષરૂપથી પર્યાયમાં વ્યક્તરૂપ થાય છે. રાગ થાય તે ચારિત્રગુણની વ્યક્તપર્યાય છે. તે કોઈ પરના કારણે થતી નથી. પર્યાયનો એક જ સમય છે; ક્રમબદ્ધપર્યાય થાય તેને ન માને તો સર્વજ્ઞને જ નથી માન્યા. એક સમયની પર્યાયને પણ જેણે પરાધીન માની તેણે વસ્તુને જ પરાધીન માની છે. વસ્તુ જ સમયે સમયે પોતાની પર્યાયપણે પરિણમે છે. સમ્યગ્દર્શનપર્યાયરૂપે કે મિથ્યાદર્શન પર્યાયરૂપે શ્રદ્ધાગુણ ઊપજે છે, નિગોદનો જીવ તીવ્ર મોહ-પરિણામને લીધે ત્યાં રહ્યો છે, તે તેની પર્યાયનો ઉત્પાદ છે. કર્મને લીધે જીવ નિગોદદશામાં રહ્યો છે એમ નથી. કર્મની પર્યાયમાં પુદ્ગલના કારણે દ્રવ્યગુણ ઊપજે છે, ને જીવની પર્યાયમાં જીવના દ્રવ્ય–ગુણ ઊપજે છે.

ગોમ્મટસારમાં કહે છે કે भावकलंक सुपउरा એટલે કે નિગોદના જીવો ભાવકલંકની સુપ્રચુરતાને લીધે નિગોદમાં રહેલાં છે, ને તે પોતે ભાવકલંકની મંદતારૂપે પરિણમતાં ત્યાંથી નીકળીને મનુષ્ય વગેરે થાય છે. પણ જડકર્મને લીધે તે જીવ નિગોદમાં રહ્યો છે એમ નથી. બીજી ચીજ નિમિત્ત છે. પણ તે નિમિત્તનો ઉત્પાદ નિમિત્તમાં છે, ને જીવનો

ઉત્પાદ જીવમાં છે. પર્યાયની સ્વતંત્રતા છે, તેને ન માને ને પર્યાયને જ પરાધીન માને તો સ્વભાવનો પુરુષાર્થ શેમાં કરશે? કાર્ય તો પર્યાયમાં થાય છે, તે પર્યાય જ જેણે પરને લીધે માની તેને પર્યાયને સ્વભાવ તરફ વાળીને સ્વભાવની પ્રતીત કરવાનો અવસર ક્યાં રહ્યો?

સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણામનું ઉપાદાન-કારણ છે ને અન્ય બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે—એમ ૨૧૭ મી ગાથામાં કહ્યું; અને ૨૧૧ મી ગાથામાં કહ્યું કે પુદ્ગલ-કર્મની એવી અચિંત્ય શક્તિ છે કે તે જીવના કેવળજ્ઞાનને પણ વ્યક્ત થવા દેતી નથી–તો શું એ કથનમાં પરસ્પર વિરોધ છે? વિરોધ નથી, પણ ૨૧૧ મી ગાથામાં તો ફક્ત પુદ્ગલના ઉત્કૃષ્ટ નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા માટે નિમિત્તથી કથન છે. પોતાના કારણે જીવનું કેવળજ્ઞાન અટક્યું ત્યારે તેમાં નિમિત્ત તરીકે પુદ્ગલકર્મ હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ કોઈના કારણે કોઈની પર્યાય નથી. સુખ–દુઃખ થાય તો જીવના પોતાના ત્રિકાળી આનંદગુણનું પરિણમન છે. દુઃખ તે પોતાના પરિણામ છે, કોઈ સંયોગના કારણે દુઃખ થતું નથી. રોગ થાય, સિંહ ફાડી ખાય તે કોઈ સંયોગનું દુઃખ આત્માને નથી. પણ આત્માનો આનંદગુણ વિપરીત અવસ્થાપણે પરિણમ્યો તે જ દુઃખ છે. એ જ પ્રમાણે અનુકૂળ વિષયોમાં સુખ નથી, સુખ તો આત્માના આનંદગુણના આશ્રયે પ્રગટે છે. પોતાની સુખ–દુઃખ પર્યાયનો ઉત્પાદ કોઈ પરના કારણે થતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને કથંચિત અભેદપણું છે, ને તે ત્રણે થઈને વસ્તુ છે.

ભાવાર્થ:—ગુણનું સ્વરૂપ એવું નથી કે જે વસ્તુથી ભિન્ન જ હોય. ગુણ–ગુણીને કથંચિત્ અભેદપણું છે તેથી જે પર્યાય ઊપજે–વિણસે છે તે ગુણ–ગુણીનો વિકાર (વિશેષ આકાર) છે. એટલા માટે ગુણને પણ ઊપજતા–વિણસતા કહીએ છીએ. એવું જ નિત્યાનિત્યાત્મક વસ્તુનું સ્વરૂપ છે. એ પ્રમાણે દ્રવ્ય–ગુણ પર્યાયોની એકતા એ જ પરમાર્થભૂત વસ્તુ છે.

ક્ષણે ક્ષણે જે પર્યાય ઊપજે છે તે ગુણ–ગુણીનું પરિણમન છે. ગુણ અને ગુણી બન્ને અભેદપણે પર્યાયમાં પરિણમે છે. દ્રવ્યનું પરિણમન જુદું ને ગુણનું પરિણમન જુદું એમ નથી. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણો એક સાથે પરિણમે છે. પર્યાય થઈ તે ગુણગુણીનું વિશેષ પરિણમન છે, પણ કોઈ પરના કારણે તે પર્યાય થઈ નથી. રાગ પર્યાય થાય કે વીતરાગ પર્યાય થાય તેમાં ચારિત્રગુણ અને આત્મા પરિણમે છે. સમ્યક્શ્રદ્ધા કે મિથ્યાશ્રદ્ધામાં આત્માનો શ્રદ્ધાગુણ પોતે કર્તા થઈને પરિણમે છે. સમ્યગ્જ્ઞાન કે મિથ્યા-જ્ઞાનપર્યાયમાં જ્ઞાનગુણ અને આત્મા સ્વતંત્રપણે પરિણમે છે. જો એક સમયની પર્યાયને પણ પરતંત્ર માનો તો ત્રણકાળની પર્યાયો પરતંત્ર થઈ ગઈ. એટલે ગુણ અને દ્રવ્ય જ પરાધીન થઈ ગયા. પણ વસ્તુ અને તેના ગુણ–પર્યાય સ્વતંત્ર છે. એક સમય પણ પર્યાય

પરને કારણે થતી નથી. પરદ્રવ્ય પરદ્રવ્યનું કિંચિત્ પણ કર્તા નથી. આત્મા પોતાની જ્ઞાનપર્યાયને કરે, પણ પરને શું કરે? શ્રી સમયસારમાં કહ્યું છે કે:—

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥ ६२ ॥

અર્થ:—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય બીજું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે. ૬૨.

આત્મા પોતાની પર્યાયને કરે, પણ પરમાં શું કરે? મતિજ્ઞાન કે કેવળજ્ઞાન, રાગ કે વીતરાગતા તે બધી અનિત્ય પર્યાયો છે, તે પર્યાય દ્રવ્ય–ગુણના પરિણમનથી થાય છે. એ પ્રમાણે બધાય પદાર્થોની પર્યાય પોતપોતાના દ્રવ્ય–ગુણથી જ થાય છે. પરમાણુમાં રંગગુણ કાયમ રહીને તેની પર્યાય લાલમાંથી લીલી થઈ જાય એક અંશમાંથી અનંત અંશ ચીકાસ કે લૂખાસ થઈ જાય, તે તેના પોતાના સ્વભાવથી પરિણમે છે. ઉપાદાન વખતે નિમિત્ત હોય, પણ તે વખતે પોતે નિમિત્તમાં પરિણમે છે, ને ઉપાદાન ઉપાદાનમાં પરિણમે છે. નિમિત્ત પદાર્થ પોતે પોતાનું તો ઉપાદાન છે. પદાર્થ પોતાના સ્વભાવથી પોતાની સમય સમયની પર્યાયપણે ઊપજે છે. તેને ફેરવવા જગતમાં બીજો કોઈ સમર્થ નથી.

આગળ આશંકા થાય છે કે દ્રવ્યોમાં પર્યાય વિદ્યમાન ઊપજે છે કે અવિદ્યમાન ઊપજે છે? એવી આશંકાનું સમાધાન કરે છે:—

यदि द्रव्ये पर्य्यायाः अपि विद्यमानाः तिरोहिताः सन्ति ।
तत्र उत्पत्तिः विफला पटपिहिते देवदत्ते इव ॥ २४३ ॥

અર્થ:—જો 'દ્રવ્યમાં પર્યાયો છે તે પણ વિદ્યમાન છે અને તિરોહિત એટલે ઢંકાયેલા છે' એમ માનીએ તો ઉત્પત્તિ કહેવી જ વિફલ (વ્યર્થ) છે. જેમ દેવદત્ત કપડાંથી ઢંકાયેલો હતો તેને તે ઊઘડ્યો એટલે કહે કે 'આ ઊપજ્યો' પણ એમ ઊપજવું કહેવું તે વાસ્તવિક નથી—વ્યર્થ છે. તેમ દ્રવ્ય-પર્યાય ઢાંકી-ઊઘડીને ઊપજતી કહેવી તે પરમાર્થ નથી. માટે દ્રવ્યમાં અવિદ્યમાન પર્યાયની જ ઉત્પત્તિ કહીયે છીએ. ૨૪૩

વસ્તુમાં વર્તમાન પર્યાય સિવાયની બીજી પર્યાયો વ્યક્તપણે વિદ્યમાન નથી, પર્યાયો તો અવિદ્યમાન એટલે કે શક્તિરૂપ છે. પર્યાય પ્રગટ છે ને તે ઢાંકેલી છે—એમ નથી. કેવળજ્ઞાન પર્યાય પ્રગટવાની શક્તિ છે તે તો ગુણરૂપ છે. કેવળજ્ઞાનપર્યાય વિદ્યમાન પડી છે ને તે ઢંકાયેલી છે, તે ઢાંકણું ખૂલતાં તે કેવળજ્ઞાનપર્યાય પ્રગટે છે એમ નથી.

ભવિષ્યની પર્યાય કેવી પ્રગટશે, તે વર્તમાનમાં નિશ્ચિત તો છે, પણ તે પર્યાય વ્યક્ત નથી. તે પર્યાય તેના કાળે વ્યક્ત થશે. દ્રવ્યમાં પર્યાયો વ્યક્ત પડી નથી પણ શક્તિરૂપ છે, તેનું પરિણમન તો ભવિષ્યમાં તેના કાળે થશે. ભવિષ્યની પર્યાયનો કાળ નિશ્ચિત છે, પણ તે પર્યાય વ્યક્ત નથી. વ્યક્ત તો એક વર્તમાન પર્યાય જ છે. બીજી પર્યાયને વ્યક્ત કહેવી ને ઢંકાયેલી કહેવી તથા પછી તે આવરણ ખસતાં પ્રગટી—એમ કહેવું તે વિરોધ છે.

જેમ વસ્તુ પડી હોય ને કપડાથી ઢાંકેલી હોય, પછી કપડું ખસતાં કહેવું કે 'આ વસ્તુ પ્રગટી' તેમ વસ્તુમાં કાંઈ પર્યાયો વ્યક્ત પડી છે ને ઢંકાયેલી છે પછી તે ઢાંકણું ખસતાં પ્રગટે છે એમ નથી. ચાર જ્ઞાન વખતે કેવળજ્ઞાનપર્યાય નથી, ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાનપર્યાય નવી પ્રગટે છે. ત્રણકાળની પર્યાયો દ્રવ્યમાં નિશ્ચિત થઈ ગયેલી છે. પણ પ્રગટરૂપ તો એક જ પર્યાય છે. જુઓ કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય પ્રગટયું ત્યાં સામે જ્ઞેયપણે પણ પરિપૂર્ણ નિમિત્ત છે, એટલે ત્રણકાળની પર્યાયો તેના જ્ઞાનમાં જણાય છે. તો તેમાં સામે ત્રણકાળની પર્યાયો દ્રવ્યમાં નિશ્ચિત પડી છે. એક સમયમાં આખું દ્રવ્ય ત્રણકાળની પર્યાયો સહિત જ્ઞેય થાય છે. અહીં નૈમિત્તિક કેવળજ્ઞાન આખું છે ને સામે નિમિત્ત પણ એક સમયમાં પૂરું છે. ભલે બધી પર્યાયો પ્રગટ એક સાથે નથી, પણ દ્રવ્યમાં બધી પર્યાયો નિશ્ચિત છે. અહીં તો પરિણમનની વાત છે, પરિણમનમાં બધી પર્યાયો એક સાથે ન હોય. પરિણમનમાં તો વર્તમાન પર્યાય જ પ્રગટ છે. ભૂત-ભવિષ્યની પર્યાયો પ્રગટ નથી. માટે પર્યાયો અસત્ ઊપજે છે. એટલે કે પહેલા સમયે ન હતી તે પર્યાય પ્રગટી. પહેલા હતું તે ઊપજ્યું એમ કહો તો તો ગુણ થઈ ગયો. પર્યાયમાં સમય સમયનો નિરપેક્ષ ઉત્પાદ છે. પહેલાં સમયે ન હતી તે પર્યાય બીજા સમયે પ્રગટી એમ અનાદિ અનંતકાળમાં સમયે સમયે અવિદ્યમાન પર્યાયોની ઉત્પત્તિ થાય છે. જુઓ ! આ વસ્તુનો સ્વભાવ ! ! શરીરની પર્યાય પહેલાં સ્થિર હોય તે વખતે ચાલવાની પર્યાય અવિદ્યમાન છે, પછી ચાલવાની પર્યાય પ્રગટી તે કયાંથી પ્રગટી ? જીવના કારણે તે પર્યાય થઈ નથી, પણ તેમાં સ્વભાવથી જ તેની અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થઈ છે. 'પર્યાય હતી તે ઉત્પન્ન થઈ' એમ પર્યાય અપેક્ષાએ ન કહેવાય. બધા પદાર્થોમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પહેલાં અવિદ્યમાન હતી, અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. ગુણ ત્રિકાળ વિદ્યમાન હોય છે, પણ પર્યાય એક સમયે એક જ વિદ્યમાન હોય છે, તેથી અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ કહેવામાં આવે છે.

[ ક્રમશઃ ]

# સુખ-સાગર નિજ શુદ્ધાત્માને નિરંતર ભજો

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

ગાથા ૪૩ માં આત્મા નિર્મૂઢ આદિ નવ બોલથી શુદ્ધ બતાવ્યો અને તેવો આત્મા ખરેખર ઉપાદેય છે એમ કહ્યું. હવે શ્રી યોગીન્દ્રદેવ કૃત શ્લોક કહે છે:—

એવી રીતે શ્રી યોગીન્દ્રદેવકૃત અમૃતાશીતિમાં ૫૭ મા શ્લોક દ્વારા કહ્યું છે કે:—

શ્લોકાર્થ:—આત્મતત્ત્વ સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ અક્ષરો રહિત તથા સંખ્યા રહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી), અહિત વિનાનું છે, શાશ્વત છે, અંધકાર તેમ જ સ્પર્શ, રસ અને રૂપ વિનાનું છે, પૃથ્વી, પાણી, અગ્નિ, અને વાયુના અણુઓ રહિત છે તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે."

**અક્ષર ને અંક પુદ્‌ગલની પર્યાય છે, આત્મા તેનો કર્તા નથી.**

કેવું છે આત્મતત્ત્વ? ત્રિકાળી શુદ્ધસ્વભાવરૂપ કે જેમાંથી અનંત નિર્મળ પર્યાય પ્રગટે છે તે કહે છે. અ, આ, આદિ સ્વર, વિસર્ગ અને ક, ખ આદિ વ્યંજન આત્મામાં નથી, તે બધી ભાષાની અવસ્થા છે. આત્મા બોલી શકતો નથી, 'આત્મા' શબ્દ બોલાયો તેમાં 'આ' અનંત પુદ્‌ગલ પરમાણુ (ભાષા)ના સ્કંધરૂપ અવસ્થા છે. આત્મામાં જ્ઞાન ભરેલું છે. આત્મામાં પુદ્‌ગલ ભર્યા નથી કે તે બોલી શકે. જ્ઞાનને અને ભાષાને અત્યંત અભાવ છે. વળી એક, બે, ત્રણ, હજાર, લાખ વગેરે સંખ્યા બોલાય છે તે પણ ભાષાનું પરિણમન છે. આત્મા સંખ્યા રહિત છે. સ્વર સમૂહને વ્યંજનને અક્ષર કહ્યા છે ને સંખ્યાને અંક કહ્યો છે. અક્ષર ને અંકનો આત્મામાં પ્રવેશ નથી.

પ્રશ્ન:—આત્મા હોય ત્યારે બોલાય છે ને?

સમાધાન:—ભાઈ, શબ્દ તો ભાષાની પર્યાય છે તે સ્વતંત્ર છે, પણ તેમાં આત્માનો ભાવ નિમિત્ત છે એવું જ્ઞાન કરાવે છે. જો આત્મા બોલતો હોય તો જ્યારે જ્યારે ઇચ્છા થાય ત્યારે બોલાવું જોઈએ. પણ એમ બનતું નથી. ભાષાનું પરિણમન થાય ત્યારે આત્માનો જે ભાવ છે તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. પુદ્‌ગલ પરમાણુઓ દ્રવ્ય-અપેક્ષાએ સરખા છે પણ ભાષાની પર્યાયો જુદી જુદી પોતાની વર્તમાન યોગ્યતાના કારણે થાય છે. જે જીવ દ્રવ્યને સર્વથા વિષમ જ માને તે દ્રવ્યને સમજતો નથી. જે જીવ પર્યાયને એક જ સરખી માને તે પર્યાયને સમજતો નથી.

પુદ્‌ગલ પરમાણુઓ દ્રવ્ય અપેક્ષાએ સમાન છે ને ભાષારૂપ પર્યાયમાં જુદું જુદું પરિણમન થાય છે, આત્મા તેનો કર્તા-હર્તા નથી માટે આત્મા અક્ષર ને અંક વિનાનો છે.

**"આત્મા અહિત વિનાનો શાશ્વત પ્રકાશમાન પદાર્થ છે, તે પુદ્‌ગલ પરમાણુ તથા તેના ગુણોથી રહિત છે."**

આત્મા ત્રિકાળ શાશ્વત પદાર્થ છે, તેમાં ત્રિકાળ અહિતપણું છે. હિત-અહિતપણે એવા ભેદો પર્યાયમાં પડે છે. શુદ્ધ સ્વભાવમાં એવા ભેદ નથી. જેમાં અહિત નથી એવા સ્વભાવના આશ્રયે હિત થાય છે ને અહિત સર્વથા ટળી જાય છે. આત્મા અંધકાર વિનાનો છે, પ્રકાશનો પિંડ છે, આત્મા, સ્પર્શ, રસ, ગંધ, રૂપ વિનાનો છે. વળી આત્મા પૃથ્વી નથી, પાણીના પરમાણુરૂપ નથી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે. વાયુ, શ્વાસ વગેરે આત્મામાં નથી. કોઈ જીવ પંચમહાભૂતમાંથી આત્મા બન્યો કહે છે તે વાત ખોટી છે. અગ્નિ વગેરેનો આત્મામાં અભાવ છે. પૂર્વ, પશ્ચિમ આદિ દિશાના સમૂહથી રહિત છે એવા આત્માને શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે.

વળી ૪૩ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે.

**શ્લોકાર્થ:—જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ પ્રકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખ-સાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૨.**

મુનિરાજ કહે છે કે શુદ્ધ આત્મા મારું રક્ષણ કરો. કેવો છે શુદ્ધ આત્મા?

ત્રિકાળી સ્વભાવની વાત કરે છે. નિમિત્તાદિ પરપદાર્થો તથા પુણ્ય-પાપ ત્રિકાળ સ્વભાવમાં નથી તેની બુદ્ધિ છોડાવવા કહે છે—કેવો છે શુદ્ધ આત્મા?

(૧) અહીં પાપનો અર્થ વિકાર લેવો. શુભ અને અશુભ બન્ને વિકાર પાપ છે. શુદ્ધ આત્મા તેને છેદવાનો કુહાડો છે.

(૨) શુદ્ધ આત્મામાં કર્મ નથી. દ્રવ્યકર્મ ને વિકારની પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે જ્ઞાન કરવા માટે છે પણ આદરણીય નથી, શુદ્ધભાવ જ આદરણીય છે. વિકાર પર્યાયમાં છે પણ ત્રિકાળ સ્વભાવમાં નથી એમ અનેકાન્ત દૃષ્ટિ કરે તે સમ્યગ્જ્ઞાની છે. વિકારની રુચિ કરતાં ત્રિકાળી શુદ્ધભાવનો અનાદર થઈ જાય છે અને ત્રિકાળી શુદ્ધભાવનો આદર કરતાં વિકારનો નાશ થાય છે.

(૩) શુદ્ધ આત્મા પરપરિણતિથી દૂર છે. પરલક્ષે થતી પરિણતિ બધી પરપરિણતિ છે. શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે.

(૪) દરિયામાં પાણીના લોઢ ઊછળે છે તેમ પર્યાયબુદ્ધિમાં રાગરૂપી સમુદ્રનાં પૂર ઊછળે છે. પણ શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી. એવું ભાન કરતાં રાગરૂપી સમુદ્રનો નાશ થાય છે.

(૫) સામાન્ય વિકારની વાત કરી હતી હવે અનેક પ્રકાર બતાવે છે. અસંખ્ય શુભ ને અશુભ વિકારના પ્રકારો શુદ્ધ આત્મામાં નથી. એવું ભાન થતાં દૃષ્ટિથી વિકાર હણાઈ ગયો ને સમ્પૂર્ણ સ્થિરતા થતાં સર્વથા પ્રકારે હણાઈ જાય છે.

(૬) વળી કેવો છે સમયસાર (શુદ્ધ આત્મા)? જેમ દરિયો પાણીથી ભરેલો છે તેમ શુદ્ધ આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો છે. જુઓ, અહીં સાચું સુખ બતાવે છે. લગ્ન વખતે બૈરાઓ ગાણા ગાય છે ને કહે છે કે અમારે ઘેર હાથીઓ ઝૂલે છે. મોતીથી ભરેલા થાળ વગેરે કહીને મજા માણે છે. ઘરમાં કાંઈ ઠેકાણું ન હોય છતાં તે પ્રકારની હોંસ કરે છે પણ તે બધી હોંસ ખોટી છે. ધનતેરસના લાપસી કરશે ને રંગોળી પૂરશે. પણ એમાં કાંઈ માલ નથી. તારા ચૈતન્ય આત્માના દરવાજે કેવળજ્ઞાનરૂપી દીવા પ્રગટે તેમ છે તેને જો. આત્મા સુખસાગરનું નીર છે. તે પાણી કાઢીને વિકાર ઉપર છાંટ તો વિકાર નષ્ટ થઈ જશે. લૌકિકના સુખ ફટકિયાં મોતી જેવા છે. સુખ બહારમાં નથી. આત્મા સુખસાગરનું નીર છે. એવી દૃષ્ટિ જીવ કરે તો સુખ અંશે પ્રગટ થાય. ને પછી વધીને પૂર્ણ સુખી થાય.

(૭) આત્માના શુદ્ધ સ્વભાવમાં વિષયવાસના નથી એવા શુદ્ધ આત્માના શ્રદ્ધા જ્ઞાન ને એકાગ્રતા કરતાં પર્યાયમાં રહેલી વિષય-વાસના નષ્ટ થઈ જાય છે.

હવે ટીકાકાર મુનિરાજ કહે છે કે આવો શુદ્ધ આત્મા શીઘ્ર મારું રક્ષણ કરો એટલે કે હું એકદમ પરિપૂર્ણ પરમાત્મદશાને પામી જાઉં એવી ભાવના ભાવે છે. ટીકાકાર મુનિરાજે શુદ્ધ આત્માને બહુ હોંસથી, લોકની શરમ વિના ગાયો છે. ત્રિકાળ સમયસાર અથવા કારણપરમાત્મા એ જ રક્ષણનું કારણ છે. રાજ્ય, કુટુમ્બ, પૈસા, દવા, કિલ્લાઓ રક્ષણ કરે તેમ નથી. ત્રિકાળ જ્ઞાયકભાવ રક્ષણ કરે તેમ છે. આમ શુદ્ધ આત્માના શ્રદ્ધા જ્ઞાન કરવા તે ધર્મ છે.

શ્લોકાર્થ:—જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને બુદ્ધ પુરુષોએ કલ્પનામાત્ર રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે. તે પરમતત્ત્વ જયવંત છે ૬૩.

આ ટીકા કરનાર મુનિરાજ પદ્મપ્રભમુનિ છે. તે તત્ત્વમાં નિષ્ણાત છે. વસ્તુસ્વરૂપમાં

નિપુણ છે. પરમતત્ત્વ મુનિના હૃદયકમળમાં સ્થિત છે. કેવું છે પરમતત્ત્વ? પરમતત્ત્વમાં વિકાર નથી. પરમતત્ત્વમાં વિવિધ વિકલ્પો નથી. એવા તત્ત્વના આશ્રયે પર્યાયમાં થતો વિકાર હણાઈ જાય છે. જેમ રાજા મરી જતાં તેનું લશ્કર મરી જાય છે-હણાઈ જાય છે. તેમ હું જ્ઞાનસ્વભાવી ચૈતન્યરાજા છું એવી દૃષ્ટિ થતાં વિકારનું લશ્કર મરી ગયેલું થઈ જાય છે. વળી પરમતત્ત્વ કલ્પનામાત્ર રમ્ય લૌકિક સુખ દુ:ખથી રહિત છે. લોકો પૈસા, દાગીના વગેરેમાં સુખ માને છે, તે કલ્પનામાત્ર છે. ચક્રવર્તી તથા દેવના સુખ કલ્પનામાત્ર રમ્ય છે. અજ્ઞાની લોકો તેમાં સુખ માને છે. જડનો માલિક જડ હોય, જડનો માલિક આત્મા નથી. આત્માએ મકાન, દાગીના, પૈસા ભેગા કર્યા નથી. પર ચીજો આત્મામાં એક સમયમાત્ર પણ નથી. શરીર મારું હોય, લાડવા ખાતો હોય, રેશમી નરમ કપડાં પહેરતો હોય ત્યારે જીવ માને કે અમે સુખી છીએ. પણ ભાઈ! તેં તે બધું ગણ્યું પણ તારા આત્માને જોયો નહીં. માત્ર એક સમયની કલ્પનામાં સુખ માને છે. પણ તેમાં વાસ્તવિક સુખ નથી ને સાતમી નરકમાં અસહ્ય વેદના હોય છતાં તે કલ્પનામાત્ર દુ:ખ છે. સુખ દુ:ખ સંયોગોમાં નથી પણ જીવ સુખ દુ:ખની કલ્પના કરે છે. એવી કલ્પના રહિત ત્રિકાળી તત્ત્વ એમ ને એમ પડેલું છે. પરમતત્ત્વ ઓછું વતું થતું નથી. ગમે તેટલાં પુણ્ય-પાપ કર્યાં હોય તોપણ એવું ને એવું છે માટે તેની પ્રતીતિ કર.

અહીં પરમતત્ત્વનો કરિયાવર બતાવે છે. લોકમાં બેસતાં વર્ષે કહે છે કે અવળું બોલશો નહીં, કજીયા કરશો નહિ, તેમ અહીં આચાર્ય ભગવાન કહે છે કે આત્માને હીણો કલ્પીશ નહિ, પુણ્ય-પાપવાળો કે નિમિત્તવાળો કલ્પીશ નહીં. સાદિ અનંત કાળ સ્થિર થવાનું ટાણું આવ્યું, જે પ્રગટ થવાથી સંસારનો કલેશ ફરી ઉત્પન્ન થશે નહિ. એવું પરમતત્ત્વ જયવંત વર્તે છે.

**શ્લોકાર્થ:—જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો-કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ૬૪.**

**લાયક જીવો સંસારથી પાર થવા માટે નિરંતર શુદ્ધ આત્માને ભજો.**

જે જીવો મોક્ષને લાયક છે તેમ જ પોતાની યોગ્યતાથી જેમને પ્રેરણા થઈ છે તે જીવો ભવથી છૂટવા માટે આ આત્માને ભજો. મારો મોક્ષ થશે કે નહિ તેમ ભગવાનને પૂછવા જવું ન પડે. અહો! મારો ચૈતન્ય આત્મા અલ્પકાળમાં મુક્તિ પામશે. બોધિ-બીજ કહો કે સમ્યગ્જ્ઞાન કહો-તે ચૈતન્યમાંથી આવે છે. તે બોધિબીજમાંથી કેવળજ્ઞાન પ્રગટશે એવી પ્રેરણા લાયક જીવને પોતાના અંતરમાંથી મળી છે, કોઈ બીજાથી પ્રેરણા

મળી નથી. પોતાને મુક્તિના ભણકારા વાગતા હોય તેવા જીવો સંસારથી પાર થવા માટે શુદ્ધ આત્માને નિરંતર ભજો. ધર્મીને નિર્વિકલ્પદશા વખતે પોતાના આત્મ-ભગવાનમાં સ્થિરતા હોય છે ને રાગ હોય ત્યારે ભગવાન ઉપર લક્ષ જાય છે. પણ ભગવાનથી કલ્યાણ થશે એવી દૃષ્ટિ એક સમય પણ હોતી નથી. પુણ્ય-પાપ ને નિમિત્તની મુખ્યતા કદી પણ ન કરો પણ શુદ્ધ સ્વભાવની મુખ્યતા કરો, જાગતા હો, ઊંઘતા હો, ખાતા હો, પીતા હો, આ ક્ષેત્રે હો કે બીજે ક્ષેત્રે હો-ગમે ત્યાં હો, પોતાના શુદ્ધ સ્વભાવની રુચિ ને એકાગ્રતા કરો. તેની મુખ્યતા કદી પણ જવા દેશો નહીં.

**પ્રશ્ન:**—તો પછી અમારે વ્રત, તપ, ઉપવાસ વગેરે ક્યારે કરવાં?

**સમાધાન:**—તે બધું તેમાં આવી જાય છે. શુદ્ધ સ્વભાવની એકાગ્રતા કરતાં રાગનો અભાવ થાય છે. તેમાં કયા કયા પ્રકારના શુભરાગનો અભાવ કરી શુદ્ધતા પ્રગટ થઈ તેના ભેદ બતાવે છે. વ્રત તપ, ઉપવાસ, બાર ભાવના, બાવીસ પરિષહ, નિર્દોષ, આહારનો વિકલ્પ, જાત્રા, વિનય, પાંચ સમિતિ વગેરે શુભરાગ અનેક પ્રકારના આવે છે, તે જાણવા માટે છે. લાભદાયક નથી. શુદ્ધ સ્વભાવમાં લીનતા થતાં ભેદોનો અભાવ થઈ જાય છે. માટે એકાગ્રતા એ જ ધર્મ છે.

**શુદ્ધ આત્મા જ્ઞાન-દર્શનાદિ સહજગુણમણિની ખાણ છે, તેમાં રત્નત્રય પાકે છે.**

કેવો છે શુદ્ધ આત્મા? જેને ઉપમા ન આપી શકાય એવા ત્રિકાળી જ્ઞાનને આધીન છે. કોઈ દેવ-શાસ્ત્ર-ગુરુને આધીન નથી, પુણ્ય-પાપને આધીન નથી, જે સહજ અનંતા ગુણોની ખાણ છે. કોલસા બદલતાં હીરા થાય એમ મણિ વગેરે નવી બનેલી અવસ્થા છે, જ્યારે આત્માના ગુણોની ખાણ નવી નથી, સ્વભાવિક જ્ઞાન-દર્શનરૂપી ગુણમણિની ખાણ છે, તેનું ભાન કરે તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનાં ત્રણ રત્નો પ્રગટ થાય છે. તે ક્યાંથી પાકે છે? સહજગુણમણિની ખાણમાંથી પાકે છે.

**શુદ્ધ આત્મા બધા તત્ત્વોમાં સાર છે ને તે નિજ પરિણતિના સુખસાગરમાં લીન થાય છે.**

વળી કેવો છે શુદ્ધ આત્મા? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ-નવ તત્ત્વોમાં શુદ્ધ જીવતત્ત્વ સારરૂપ છે. સંવર-નિર્જરા અધૂરી પર્યાય છે ને મોક્ષ પૂર્ણ પ્રગટ પર્યાય છે પણ તે બધી પર્યાય પ્રગટવાનો આધાર કારણ પરમાત્મા છે. તેમાંથી આ પર્યાયો પ્રગટે છે. વળી ત્રિકાળી ભગવાન આત્મા પોતાની પરિણતિના સુખ-સાગરમાં મગ્ન થાય છે.

આવા આત્માને ભજવાનું કહે છે. ત્રિકાળી આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે આત્માનું ભજન છે.

શ્લોકાર્થ:—નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાડમુખ થયેલા હે યતિ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે? ૬૫.

અહીં મુનિને ઉદ્દેશીને વાત કરે છે. કેવા છે તે સાધુ? પોતાના શુદ્ધ આત્મામાં સ્થિર રહેવાની ઇચ્છાવાળા છે. ચારગતિના ભવો મારામાં છે જ નહિ એવી શ્રદ્ધાપૂર્વક સ્વભાવ સન્મુખ થયેલા છે. એવા મુનિને કહે છે કે હે મુનિ! મિથ્યાત્વ, રાગ ને દ્વેષ ભવના હેતુ છે. આનંદકંદ શુદ્ધ આત્મપદને સેવવાથી મિથ્યાત્વ ને રાગ દ્વેષનો વિનાશ થાય છે. માટે તેની સેવના કર. તેથી ભવનો નાશ થશે. દેવ-શાસ્ત્ર-ગુરુનું સેવન, રાગ-પર્યાયનું કે અધૂરી નિર્મળ પર્યાયનું સેવન નહિ પણ સ્વભાવનું સેવન કર. તારા સ્વભાવથી જેટલી વસ્તુ બહાર છે તે બધી અધ્રુવ છે, પુણ્ય, વ્યવહાર, વિકલ્પ અનિત્ય છે, અધ્રુવ છે તેનાથી શું પ્રયોજન છે? તારા આત્માને તેનું પ્રયોજન નથી માટે ધ્રુવ શુદ્ધ આત્માને તું ભજ.

[ક્રમશઃ]

—✻—

## 卐 અનુપમ તત્ત્વ 卐

✻ પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે. તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ અને જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ છે; પરન્તુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુઃખનો અનુભવ કરે છે. જો ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ચૈતન્યદ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે. તેમાં અનંત ગુણો ભરેલા છે. ચૈતન્ય કોઈ અનુપમ તત્ત્વ છે. તે તરફ દૃષ્ટિ કરવાથી, તેમાં લીનતા કરવાથી આ વિકલ્પો તૂટીને જે સ્વાનુભૂતિ થાય છે તે સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે.

—પૂજ્ય બહેનશ્રી [દૃષ્ટિનાં નિધાન]

# જ્ઞાનીની સહજ પરિણતિ

જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી; તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે. ૩૬૨.

['વચનામૃત પ્રવચન' ભાગ-૪]

"જેમ અજ્ઞાનીને 'શરીર તે જ હું, આ શરીર મારું' એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કંઈ મારું નહિ' એવી સહજ પરિણતિ વર્ત્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી."

જેને સ્વ ને પરનું અને સ્વભાવ ને વિભાવનું ભેદવિજ્ઞાન નથી એવા અજ્ઞાની જીવને અનાદિ કાળથી પ્રવર્તતા અજ્ઞાનને લીધે "દેહ તે જ 'હું' છું, આ દેહ 'મારો' છે, દેહની ક્રિયા—ઊઠવા-બેસવાની, ખાવા-પીવાની, ભાષા બોલવાની વગેરે—'હું કરું છું'" એમ પોતાની પ્રતીતિ ને પરિણતિમાં સહજ ઘૂંટાઈ ગયું છે, તેને તે ગોખવું કે યાદ કરવું પડતું નથી. અંતરમાં ત્રિકાળશુદ્ધ એવા જ્ઞાયકસ્વરૂપ પોતાનું સહજ અસ્તિત્વ ન ભાસ્યું, તેથી પોતાનું અસ્તિત્વ શરીરાદિ પરપદાર્થોમાં કલ્પી લીધું. તે કલ્પનાથી તેની પરિણતિ એવી રંગાઈ ગઈ છે કે જેથી 'શરીર તે જ હું, આ શરીર મારું, હું શરીરની ક્રિયાનો કર્તા' એમ તેને સહજ રહ્યા કરે છે, ફરીફરીને ગોખવું કે યાદ કરવુ પડતું નથી.

—એવી રીતે, જેણે સ્વસન્મુખતાના અંતર્મુખ પુરુષાર્થ વડે સ્વ ને પરનું અને સ્વભાવ ને વિભાવનું નિજ નિજ લક્ષણના બળે સ્વાનુભૂતિયુક્ત યથાર્થ ભેદવિજ્ઞાન પ્રગટ કર્યું છે એવા જ્ઞાની જીવને "આ જે શુદ્ધ જ્ઞાયક છે તે જ 'હું' છું, તે સિવાય અન્ય—દેહ, વાણી ને મન કે પત્ની, પુત્ર, પરિવાર ને પૈસો વગેરે—કંઈ મારું નથી, હું દેહાદિનો કંઈ કર્તા, હર્તા કે ધર્તા નથી" એવી સહજ પ્રતીતિ ને પરિણતિ સતત વર્ત્યા કરે છે, તેને એ બધું ગોખવું કે યાદ કરવું પડતું નથી.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની ધર્માત્માને પણ દયા, દાન, પૂજા, ભક્તિ કે વ્રતાદિના શુભ વિકલ્પો આવે ખરા, પરંતુ 'તે વિભાવો મારી ચીજ નથી, મારું સ્વરૂપ નથી' એવી સહજ પરિણતિ સદા—ખાતાં-પીતાં, જાગતાં-ઊંઘતાં, સ્વાધ્યાય કરતાં કે વેપારમાં, અરે! યુદ્ધ વગેરે ગમે તે અવસ્થામાં—સતત વર્ત્યા કરે છે. 'હું ચિદાનંદમૂર્તિ જ્ઞાયક છું' એવી શ્રદ્ધા-જ્ઞાનની સહજ દશા તેને નિરંતર વર્ત્યા કરે છે. 'હું જ્ઞાયક છું' એમ ઘડીએ ઘડીએ તેને ગોખવું કે યાદ કરવું પડતું નથી. ગોખવું ને યાદ કરવું પડે તે સહજ દશા ન કહેવાય.

'હું અખંડ જ્ઞાયક તત્ત્વ છું' એવી સાનુભવ શ્રદ્ધા ને જ્ઞાનની જે પરિણતિ પ્રગટ થઈ તે, પછી નિષ્ક્રિય થઈ એક ખૂણે પડી નથી રહેતી, પરંતુ તેનું સહજ પરિણમન સદાય સતત વર્ત્યા કરે છે. ગોખીને કે યાદ કરી કરીને તે દશાને ટકાવી રાખવી પડે છે એમ નથી, પરંતુ તે દશા જ તદ્રૂપ—સ્વભાવરૂપ સહજપણે પરિણમી ગઈ છે.

'સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે.'

સહજ પુરુષાર્થ એટલે સ્વાભાવિક, કોઈ અન્યના આલંબન કે આશ્રય વિનાનો પુરુષાર્થ. જ્ઞાનીને પરિણતિમાં 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવો સહજ પુરુષાર્થ નિરંતર પ્રવર્ત્યા કરે છે. જેને બહુ શાસ્ત્રજ્ઞાન હોય, તર્કજ્ઞાન હોય તે જ્ઞાની છે—એવો 'જ્ઞાની' શબ્દનો અર્થ નથી, પરંતુ રાગાદિ વિભાવોથી શ્રદ્ધા ને જ્ઞાનમાં ભિન્ન પડીને પોતાના અનાદિનિધન શુદ્ધ જ્ઞાયકની યથાર્થ પ્રતીતિ, જ્ઞપ્તિ ને અનુભૂતિ જેણે અંતરમાં પ્રગટ કરી છે તેને 'જ્ઞાની' કહેવામાં આવે છે. અહા! વીતરાગના ધર્મમાં આવી વાત છે.

અત્યારે સંપ્રદાયમાં તો મૂળ સમ્યગ્દર્શનનાં પણ ઠેકાણાં ન હોય અને ઉપદેશકો 'વ્રત લો, તપ કરો, નિયમ ધારણ કરો'—એમ લોકોને અજ્ઞાનમય ક્રિયાકાંડમાં ચડાવી દે છે, પણ ભાઈ! અંદરમાં કષાય મંદ કર્યો હોય તોપણ તે બધા તો વિકલ્પો છે, શુભ ભાવ છે, ધર્મ નથી. ભૂમિકાને અનુરૂપ શુભ વિકલ્પો જ્ઞાનીને પણ આવે છે, પણ વિકલ્પના કાળમાં પણ અંદર જ્ઞાતૃત્વધારા—'હું કેવળ જ્ઞાયક છું' એવી પરિણતિ—ખંડિત થતી નથી. વિકલ્પના કાળે 'હું કેવળ જ્ઞાતા જ છું' એવી પરિણતિ એક ક્ષણ પણ છૂટતી નહિ હોવાથી જ્ઞાની વિકલ્પનો કર્તા નથી પણ તેનો કેવળ જ્ઞાતા જ છે. જ્ઞાનીને જ્ઞાતૃત્વધારાનો સહજ પુરુષાર્થ સતત વર્ત્યા કરે છે. અહા! આવી વાત ને આવો ધર્મ છે. આ તો સમ્યગ્દષ્ટિની—ધર્મના પહેલાં પગથિયાની—વાત થઈ, સ્થિરતારૂપ વિશેષ ધર્મની—મુનિની—વાત હવેના બોલમાં આવશે.

—*—

(તા. ૧૦-૮-૮૮)

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ‘શ્રી સમયસાર’ ઉપર, છેલ્લા ૩૭ દિનથી બપોરે શ્રી પ્રવચનસાર [ અલિંગ-ગ્રહણના ૨૦ બોલ, ૪૭ નય આદિ ખાસ ખાસ વિષયો ] ઉપર તેમ જ સાંજે ‘શ્રી છ-ઢાળા’ ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ--પ્રવચન, બપોરે ટેપ–પ્રવચન પછી જિનેન્દ્રભક્તિ, રાત્રે (શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા–શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ–અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* શ્રી અષ્ટાહ્નિકા તેમ જ શ્રી વીરશાસન જયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યા હતા.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનું અમૂલ્ય સૌભાગ્ય પ્રાપ્ત થવાની ખુશાલીમાં—

રૂ. ૭૦૦૫/– શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી તથા
શ્રીમતી રૂપાળીબેન અમરચંદ ડગલી પરિવાર, લંડન

—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય આદિ વિવિધ દાન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

## 卐 ગ્વાલિયરમાં સ્વાધ્યાય-શિબિર સાનંદ સમ્પન્ન 卐

ગ્વાલિયર શહેરમાં અષ્ટાહ્નિકા પર્વ પર શ્રી મહાવીર પરમાગમમંદિરમાં સ્વાધ્યાય માટે આત્માર્થી વિદ્વાન ભાઈ શ્રી શશીકાંતભાઈ શેઠ ભાવનગરવાળાને આમંત્રિત કર્યા હતા. મંદિરના સ્થાપક શ્રી શ્યામલાલજી જૈન તેમ જ અન્ય મુમુક્ષુઓએ ઘણી તત્ત્વ-રુચિપૂર્વક શ્રી સિદ્ધચક્ર વિધાનનું આયોજન કર્યું હતું.

સ્વાધ્યાય તેમ જ અધ્યાત્મની રુચિવાળા મધ્યપ્રદેશના આ મહા નગરમાં સ્થાનિક તેમ જ આસપાસના લગભગ ૩૫ ગામના મુમુક્ષુ લાભ લેવા આવ્યા હતા. અંતિમ દિવસે શ્રી કુંદકુંદાચાર્યદેવના ચરણચિહ્નની મંદિરમાં સ્થાપના કરવામાં આવી હતી. તેમ જ ખૂબ જ ધામધૂમથી ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી.

મધ્યપ્રદેશના પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અવિચળ શ્રદ્ધા ભક્તિ રાખનારા ઘણા મુમુક્ષુઓએ આ શિબિરનો લાભ લીધો હતો. ઉપસ્થિત લોકોએ વિદ્યમાન સત્ પુરુષનો મહત્વનો પરિચય પ્રાપ્ત કરીને અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી તેમ જ અનેક મુમુક્ષુઓએ સોનગઢ પ્રત્યક્ષ લાભ લેવા માટે આવવાની ભાવના વ્યક્ત કરી હતી.

આત્માર્થી વિદ્વાન ભાઈ શ્રી શશીભાઈને બોલાવવા માટે ત્યાં અનેક સ્થળેથી નિમંત્રણ મળ્યા હતા, પરંતુ સમય-અભાવને કારણે તેઓનું અન્યત્ર જવાનું શક્ય બન્યું ન હતું. પરંતુ એક એવું વાતાવરણ ઊભું થવા પામ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ઉદ્‌ઘાટિત સનાતન અધ્યાત્મતત્ત્વના પ્રેમી મુમુક્ષુઓમાં એક નવીન સંચેતના જાગૃત થઈ. આ રીતે આ આયોજન અત્યંત સફળ રહ્યું.

કહાનગુરુનો પ્રભાવના ઉદય જગતનું કલ્યાણ કરો. —શ્રી નેમીચંદ્ર જૈન

—*—

### સૂચના

પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પર્યુષણ પર્વમાં પ્રવચન કરવા માટે જે મુમુક્ષુ મંડળને આત્માર્થી વિદ્વાનોની આવશ્યકતા હોય તે શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટનો સમ્પર્ક સાધે.

## વૈરાગ્ય સમાચાર—

* ભાવનગરનિવાસી શ્રી કલાવતીબેન નારણદાસ દાણી ( વર્ષ–૬૩ ) તા. ૨૪–૫–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર–નવાર સોનગઢ આવીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ–અમૃતવાણીનો તેમ જ પૂજ્ય બહેનશ્રીનો લાભ લેતા હતા.

* ઉદયપુરનિવાસી શ્રી ઉગ્રસેનજી બંડી તા. ૫–૭–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી સમરતબેન મોહનલાલ મોદી ( વર્ષ–૬૪ ) તા. ૧૭–૭–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૪૦ વર્ષથી પરમ પૂજ્ય ગુરુદેવના સમાગમમાં આવેલા અને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા, પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પણ ઘણી ભક્તિ હતી અને થોડા સમય પહેલાં જ ભગવતી માતાને હીરાથી વધાવવાનો ઉલ્લાસથી લાભ લીધો હતો. સોનગઢ સ્થાયી રહેવાની ખૂબ જ ભાવના હતી.

* અમદાવાદનિવાસી શ્રી ચંદુલાલ (-બાબુભાઈ) ગીરધરલાલ મહેતા ( વર્ષ–૭૪ ) તા. ૧૭–૭–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ રહેવા આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી વાણીનો તેમજ પૂજ્ય બહેનશ્રીના દર્શનનો લાભ લેતા હતા.

* નાઈરોબીનિવાસી શ્રી ચુનીલાલ દેવજી શાહ ( શાંતિભાઈના ભાઈ ) ( વર્ષ–૬૩ ) તા. ૧૮–૬–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જુનાગઢનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી ગોરધનદાસ કુલચંદ શાહ ( ડૉ. શ્રી પ્રવિણભાઈ દોશીના માસા ) ( વર્ષ–૮૫ ) તા. ૨૭–૭–૮૮ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પોતાના પરિવાર સહિત સોનગઢમાં રહેલા અને ત્યાર બાદ તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* કલકત્તાનિવાસી શ્રી ચંપાબેન તખતરાજજી વનાજી ( વર્ષ–૫૮ ) તા. ૨૭–૭–૮૮ ના રોજ હાર્ટ-ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ રહેવા આવીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપશામક અમૃત-વાણીનો તેમજ પૂજ્ય બહેનશ્રીનો ઘણો જ ભક્તિપૂર્વક લાભ લેતા હતા. શ્રી નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠા વખતે વિધિનાયક ભગવાનના માતા બનવાનો લાભ લીધો હતો. 'અમૃત–જન્મોત્સવ' ઉજવવા આવવાની ખૂબ ભાવના હતી.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

## 卐 'અમૃત-જન્મોત્સવ' નિમંત્રણપત્રિકા-લેખનસમારોહ 卐

વર્તમાનયુગના પ્રખર ધર્મ-પ્રભાવક, સાક્ષાત્ સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ, મુમુક્ષુઓના તારણહાર પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત તેમ જ તેઓના અધ્યાત્મ-શાસનના પ્રભાવક સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી ૭૫મી 'જન્મજયંતી' તા. ૨૨-૮-૮૮ થી તા. ૨૯-૮-૮૮—આઠ દિવસ સુધી 'અમૃત-જન્મોત્સવ'ના રૂપમાં વિશેષ સમારોહપૂર્વક આનંદોલ્લાસથી ઉજવવામાં આવનાર છે. તેની મનોરમ્ય ભવ્ય 'કુમકુમ-પત્રિકા'ની લેખનવિધિ તા. ૩૧-૭-૮૮ ના રોજ સમારોહ-પૂર્વક કરવામાં આવી. આ મંગલ અવસરે મુંબઈ, રાજકોટ, ભાવનગર, પુના, ખંડવા, ઇન્દોર, સૌરાષ્ટ્રના અન્ય અનેક ગામોથી મુમુક્ષુ મહેમાનો આવ્યા હતા. આગામી 'અમૃત-જન્મોત્સવ' માટે બધાના હૃદય આનંદથી પુલકિત હતા.

પ્રાત: શ્રી સીમંધરસ્વામી-જિનમંદિરમાં સમૂહપૂજા પછી શ્રી પરમાગમ-મંદિરમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ 'અમૃત-જન્મોત્સવ'ની નિમંત્રણપત્રિકાની મંગળ લેખનવિધિ કરવામાં આવી હતી. તે પ્રસંગે આગામી 'અમૃત-જન્મોત્સવ'ની રૂપરેખા સમજાવવામાં આવી હતી (જે આ અંકમાં ટાઇટલ-પેઇજ ૩ ઉપર આપવામાં આવી છે). લેખનવિધિ પ્રસંગે બહેનોએ આનંદોલ્લાસપ્રેરક ભક્તિગીતોથી વાતાવરણ ઉલ્લાસ ભર્યું કરી દીધું હતું અને લેખનવિધિ પુરુષોના શુભ હસ્તે કરવામાં આવી હતી. લેખનવિધિની ખુશાલીમાં મુમુક્ષુઓ તરફથી રકમ જાહેર કરવામાં આવી હતી, તેમ જ અમૃત-જન્મોત્સવના ભોજન માટે પણ રકમ જાહેર કરવામાં આવી હતી. તદુપરાંત આ મંગળ વિધિના હર્ષોપલક્ષમાં શ્રીફળ આદિની પ્રભાવના શ્રી હસમુખભાઈ ગાંધી આદિ તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ પ્રસંગે બહારગામથી પધારેલ મહેમાનોને તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજને શ્રી મુક્તાબેન નવલચંદભાઈ શાહ તરફથી સ્વામીવાત્સલ્ય ભોજન આપવામાં આવ્યું હતું.

બપોરે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની, સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના અનુપમ ઉપકારની મહિમાથી ભરપૂર, સ્વાનુભવરસભીની અધ્યાત્મતત્ત્વચર્ચાનો અમૂલ્ય લાભ બધાને મળ્યો હતો. બપોરે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ (હાલમાં ૩૭ દિવસથી બપોરના પણ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન ચાલે છે, જેમાં ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાંથી ખાસ ખાસ વિષયો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલાં પ્રવચનોની ટેપ વગાડવામાં છે.) આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહે જિનમંદિરમાં અત્યંત ભાવભીની જિનેન્દ્રભક્તિ પણ કરાવી હતી. આ રીતે આજનો સમારોહ અત્યંત આનંદપૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમ વડે સમ્પન્ન થયો હતો. —*—

#卐 અમૃત-જન્મોત્સવ 卐

## ✻ સૂચના ✻

સહર્ષ નિવેદન કે ઉપરોક્ત મંગળ મહોત્સવમાં તા. ૨૦-૮-૮૮, શનિવારથી તા. ૨૯-૮-૮૮ સોમવાર—દસ દિવસ સુધી 'શ્રી જિન-સહસ્રનામમંડલવિધાનપૂજા' તથા અન્ય વિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

આ મંગળ મહોત્સવના પ્રમુખ અંગરૂપ 'શ્રી જિન-સહસ્રનામ મહાપૂજા' ઇન્દ્ર-ઇન્દ્રાણી દ્વારા થશે. ઉત્સવના પ્રારંભમાં, ઝંડારોપણની વિધિ થશે. જુદા જુદા દિવસોમાં જિનેન્દ્રરથયાત્રા વગેરે કાર્યક્રમ પણ રહેશે.

ઝંડારોપણની તથા ઇન્દ્રોની ઉછામણી તા. ૧૯-૮-૮૮, શુક્રવારના દિવસે સાંજે ૪-૦૦ વાગ્યે થશે. જેમને આ શુભ અવસરે ઉછામણી લેવાની ઉમંગભરી ભાવના હોય તેમને તા. ૧૯-૮-૮૮ ના રોજ બપોર સુધીમાં સોનગઢ આવી જવા વિનંતી છે.

વિશેષમાં જણાવવાનું કે—પૂજ્ય ભગવતીમાતાની દર જન્મજયંતી પ્રસંગે રજત-શ્રીફળ, રાખડી વગેરે જુદી જુદી વસ્તુથી વધાવવાનો ભક્તિ-ભાવભીનો આનંદદાયી કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વખતે 'અમૃત-જન્મોત્સવ'નો વિશિષ્ટ અવસર હોવાથી ઘણાં મુમુક્ષુ ભાઈ-બહેનોની માગણી છે કે આ વખતે પણ કોઈ એવા જ વિશિષ્ટ પ્રકારે વધાવવાનો આનંદોલ્લાસકારી કાર્યક્રમ યોજવો. તેમની ભક્તિભીની ઉલ્લસિત ભાવનાને ધ્યાનમાં લઈને આ વખતે સ્વાનુભવવિભૂષિત ઉપકારમૂર્તિ પૂજ્ય ભગવતી-માતાને ચાંદીના ચંદ્રક વગેરેથી વધાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ બાબતની વિશેષ માહિતી નિમંત્રણપત્રિકાની લેખનવિધિ પ્રસંગે રૂબરૂમાં આપવામાં આવી છે, તથા તા. ૧૯-૮-૮૮ ના રોજ પણ આપવામાં આવશે.

પૂજ્ય કહાનગુરુદેવનો પ્રભાવના-ઉદય મુમુક્ષુજગતનું કલ્યાણ કરો.

લિ૦

સોનગઢ
તા. ૩૧-૭-૮૮

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
પ્રમુખ : હસમુખલાલ પોપટલાલ વોરા

# 卐 દરેકને ભગવાન સ્વરૂપે જો 卐

* આ લોક આખો ભગવાનના સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહદેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે.

—પૂજ્ય ગુરુદેવ ( દૃષ્ટિનાં નિધાન )

* બાપુ! આ તો પચાવીને પરિણમાવવાની વાત છે. વાદ–વિવાદની વાત નથી. વાદ–વિવાદમાં મૌન થઈ જવું પડે........શાસ્ત્રમાં આમ લખ્યું છે ને તેમ લખ્યું છે.....આ તો વીતરાગતા ઊભી કરવાની વાત છે.

—પૂજ્ય ગુરુદેવ ( દૃષ્ટિનાં નિધાન )

* હેઠલી વાતના ઠેકાણાં ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે? પાત્રતારૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્ અધ્યાત્મની અલૌકિક વાત શી રીતે બેસી શકે?

—પૂજ્ય ગુરુદેવ ( દૃષ્ટિનાં નિધાન )

—o—

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : જ્ઞાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૨૯૦૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012